ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૧૯ અંક: ૨ ફેબ્રુઆરી : ૨૦૧૭ સળંગ અંક : ૫૪૪

# વિ-વિદ્યાનગર



चरुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते।

## Charutar Vidya Mandal
## Vallabh Vidyanagar



સીવીએમ સંચાલિત જી.જે.પટેલ આયુર્વેદ કોલેજ ખાતે ભારત સરકારના રાષ્ટ્રીય આયુર્વેદ વિદ્યાપીઠ મીનીસ્ટ્રી ઓફ આયુષ ન્યુ દિલ્હીના સહયોગથી શિક્ષકો માટેની ૬ દિવસીય દ્રવ્યગુણ વિષય પરની તાલીમ શિબિરનો દીપ પ્રગટાવી મંગલ પ્રારંભ કરતાં સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલ, પ્રો.વી.કે.જોષી, પ્રો. માનસી દેશપાંડે, ડૉ.મલ્હારી સરદેશપાંડે વિગેરે મહાનુભાવો દૃશ્યમાન થાય છે.



સીવીએમ સંચાલિત વી એન્ડ સી પટેલ ઈંગ્લિશ સ્કુલ (સીબીએસઈ)નાં દ્વિ વાર્ષિકોત્સવ પ્રસંગે લેવાયેલ તસવીરમાં મંચસ્થ મહાનુભાવોમાં સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલ માનદમંત્રી ડૉ.એસ.જી. પટેલ, માનદસહમંત્રી બી.પી. પટેલ, સંસ્થાના દાતા વાસંતીબેન પટેલ, ભગિની સંસ્થાના ભૂતપૂર્વ આચાર્યા વિનોદિનીબેન, સંસ્થાના આચાર્યો નિમેશ રાઉલજી તથા ગીથાદેવી દૃશ્યમાન થાય છે. અન્ય તસ્વીરોમાં પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતાં તથા મુખ્ય મહેમાન તથા નર્મદા જિલ્લાના વનસંરક્ષક સંદીપકુમારને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરતાં ડૉ. સી.એલ. પટેલ દૃશ્યમાન થાય છે.




**વિ-વિદ્યાનગર**

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

**ફેબ્રુઆરી- ૨૦૧૭**

વર્ષ: ૧૯ અંક: ૨

સળંગ અંક: ૫૪૪

**ISSN 0976-9609-V Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫



**તંત્રી**

**ઉર્વીશ છાયા**

**પરામર્શન**

**રમેશ એમ. ત્રિવેદી • રાજેન્દ્રસિંહ જાડેજા**

**જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ**

**આર.પી. પટેલ**

**સંપાદન-સહાય**

**ગિરીશ ચૌધરી • અનિતા એ. સાળુંકે**

**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

ડૉ.એસ.જી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ



**પ્રકાશક**

**ડૉ.એસ.જી. પટેલ**

**માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ**

**વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦**

•

**મુદ્રક**

**આણંદ પ્રેસ, ગામડી- આણંદ**


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

**પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કોલેજ.**


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

**'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ**

**www.ecvm.net**

**પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**આ માસની વિચારકણિકા**

''આટલાં ફૂલો નીચે, ને આટલો લાંબો સમય ગાંધી કદી સૂતો ન'તો.''

**- હસમુખ પાઠક**


# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

**ફેબ્રુઆરી - ૨૦૧૭**

વર્ષ: ૧૯ અંક: ૨

સળંગ અંક: ૫૪૪

**ISSN 0976-9609-V Vidyanagar**


• • •

**न तत्र सूर्यो भाति, न चन्द्र तारकम्**
**ने मा विद्युतो भान्ति, कुतोडमम् अग्निः**
**तम् एव भान्तम् अनुभाति सर्वम्**
**तस्य भासा सर्वं इदम् विभाति ॥**

(કઠોપનિષદ : ૨-૫-૧૫)

જ્યાં સૂરજ પ્રકાશતો નથી કે નથી પ્રકાશતાં ચંદ્ર-તારાં આ વીજળીઓ પણ પોતાનો પ્રકાશ પહોંચાડી નથી શકતી તો પછી આ અગ્નિની ઉપસ્થિતિ ક્યાંથી? જેના પ્રકાશને કારણે સૂર્ય, ચંદ્ર, તારા વગેરે સઘળા પદાર્થો પ્રકાશિત થાય છે... એના જ તેજથી આ બધું સ્પષ્ટપણે પ્રકાશિત થાય છે.

• • •


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ ઉચ્ચ શિક્ષણ અને સરકારનું ઉત્તરદાયિત્વ • ડૉ.સી.એલ.પટેલ / 3

॥ પ્રાથમ્ય ॥ શિક્ષકના જીવનમાં પવિત્રતા • એસ.જી. પટેલ / 5

॥ આપણો વૈભવ અને વારસો (પદ્ય વિભાગ) ॥ • આદિલ મન્સુરી, સૈફ પાલનપુરી, ગની દહીંવાલા, મરીઝ / 7

॥ આપણો વૈભવ અને વારસો (ગદ્ય વિભાગ) ॥ રગ-રગમાં ભારતીયતા ભરી છે • વિનોબા ભાવે / 8

॥ નવાં કાવ્યો ॥ • પ્રીતમ લખલાણી, આબિદ ભટ્ટ, સુધીર પટેલ, કાજલ એચ. જોષી / 9

॥ પ્રાસંગિક ॥ સુરક્ષિત ડિજિટલ પેમેન્ટ • સર્વેશ ત્રિવેદી / 10

॥ સમીક્ષા ॥ ધૂળમાં ઊડતો મેવાડ... • સંધ્યા ભટ્ટ / 13

॥ અભ્યાસ ॥ શ્રીમદ્ ભગવદ્ગીતા • ઘનશ્યામસિંહ ગઢવી / 18

॥ વાર્તા ॥ ઍપિટાફ • અજય ઓઝા / 18

॥ સ્મરણાંજલિ ॥ ઈશ્વર પેટલીકરને • સિલાસ પટેલિયા / 20

॥ નિબંધ ॥ કમળવન • હરીશ મહુવાકર / 21

॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ સાયન્સ-મ્યુઝિયમ બોસ્ટર્ન...• કે.એન. જોષીપુરા/ 24

॥ વક્તવ્ય ॥ ડૉ.જી. સથીષ રેડ્ડીના દીક્ષાંત પ્રવચનના સંકલિત અંશો • ઉર્વીશ છાયા/ 27

॥ Review ॥ Methods of Teaching English • Sulbha Natraj / 29

॥ વિદ્યાવૃત્ત ॥ / 6,15,23,26,28,30,

# ઉચ્ચ શિક્ષણ અને સરકારનું ઉત્તરદાયિત્વ

ડૉ.સી.એલ. પટેલ

હમણાં હમણાં રાજ્ય સરકારના અને મધ્યસ્થ સરકારના જવાબદાર મંત્રીશ્રી હોય કે પ્રધાન હોય, પોતાની જવાબદારીનું પહેલું અંગ તેઓના વાર્ષિક બજેટ કે પંચવર્ષીય યોજનાઓમાં વિદ્યાર્થીઓના એટલે કે યુવાનો-યુવતીઓના ઘડતર માટે શિક્ષણની સંસ્થાઓ સુમેળથી સ્થપાય અને ત્યાં પ્રાથમિકથી માંડી સંશોધન કાર્યની સગવડ સારી રીતે થાય તે માટે વાર્ષિક બજેટ અને પંચવર્ષીય યોજનામાં નાણાંની ફાળવણી યોગ્ય રીતે થાય તે માટે પૂરતી તકેદારી રાખે તે જરૂરી છે. હાલ આપણી સરકારો દ્વારા પરાણે ૬ ટકા સુધી પણ આવી જવાબદારી નીભાવવાની કાળજી લેવાતી નથી. કોઠારી કમિશનની ભલામણ ૬ ટકા હતી જે આજે ૪ ટકા જેટલી છે.

અનુદાન પ્રાપ્ત કરતી સંસ્થાઓમાં મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રકચર અને સ્ટાફની ભરતી માટે બેદરકારીભર્યું વર્તન જોવા મળે છે. ગુજરાત સરકારની વાત કરીએ તો માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીને હું ત્રણેક વખત સમય માંગીને મળવા ગયો, તેઓએ રસ લઈને બધા અધિકારીઓ સાથે ઉચ્ચ શિક્ષણની જવાબદારી સંભાળતા નાયબ મંત્રી શ્રીમતી ત્રિવેદી અને કમિશનર શ્રીમતી જયંતી રવિની હાજરીમાં નીચેની ચર્ચાઓ થઈ.

૧. આચાર્યની ભરતી પાંચથી દસ વર્ષથી ખાલી રહેતી બી.જે.વી.એમ. કોમર્સ કૉલેજ, નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજ, એચ.એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ, રમા-મનુભાઈ દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ તથા હવે તો એસ.એમ. પટેલ કૉલેજ ઑફ હોમ સાયન્સના આચાર્યાની જગ્યા પણ ખાલી પડી છે. આમાં આર્ટ્સ કૉલેજ માટે એન.ઓ.સી. મળતાં સરકારના નિયમો મુજબ કાર્યવાહી કરી નિમણૂક અપાઇ, આજ રીતે અનુદાન પ્રાપ્ત કરતી કોલેજોમાં ટીચીંગ અને નોન-ટીચીંગની ખાલી જગ્યાઓ ભરવાની વિનંતીને સમયસર મંજૂરી મળી નથી. વધુમાં સાથે સાથે જણાવવું જોઇએ કે શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીએ દરેક બાબતમાં સહકાર આપવા સૂચના આપ્યા છતાં શ્રીમતી વસુમતીબેન ત્રિવેદી મારાથી કેમ જાણે નારાજ હોય તેમ કોઇ સહકાર હજી સુધી પ્રાપ્ત થયો નથી અને આણંદ જિલ્લામાં બીજેપીના આગેવાનોની હાજરીમાં મને ચૅરમેનની જગ્યાએથી દૂર કરવાનું સૂચન કર્યું. ભગવાન તેમનું ભલું કરે. હવે તે નથી જેથી આશા રખાય કે પ્રશ્નો ઉકેલાય અને સરકારનો સહકાર મળે. જોકે આ માટે અમારે ગુજરાતની વડી અદાલતનો આશરો લેવો પડ્યો છે. કોઠારી કમિશને ભલામણ કરેલ હોવા છતાં કુલ બજેટના ૬ ટકા શિક્ષણ માટે ફાળવવાને બદલે કુલ બજેટના ૪ ટકા રકમ શિક્ષણ માટે ફાળવાય છે. ૨૦૧૬-૧૭માં આ ફાળવણી ૭૨,૩૯૪ કરોડ હતી જેની અગાઉના વર્ષમાં ૬૮,૯૬૩ કરોડની ફાળવણી કરવામાં આવેલ જે અગાઉના વર્ષ કરતા શિક્ષણ બજેટના ૪.૯ ટકા વધારે ફાળવણી કરી સરકારે સંતોષ માની, દુનિયાની ૨૦૦ યુનિવર્સિટીમાં ભારતની યુનિવર્સિટી સ્થાન પામે તેવી ઈચ્છા રાખી તે કેટલે દરજ્જે યોગ્ય ગણાય?

શિક્ષણ યાને કેળવણી ક્ષેત્રે જે નિમણૂક થાય છે તે રાજદ્વારી હોય છે તેમાં યોગ્યતાને કોઇ સ્થાન નથી. માનનીયશ્રી નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા બાદ સાયન્ટીસ્ટ અને ટેકનોક્રેટસને કંઇક વધુ પ્રોત્સાહન મળે છે બાકી પહેલાં એવા કિસ્સા હતા કે સાયન્ટીસ્ટ અને ટેકનોક્રેટ્સને આપઘાત કરવાના પ્રસંગો બનતા.

૨. બીજી ચર્ચામાં રાજ્યમાં સારી રીતે સારી વ્યવસ્થાથી ચાલતી ઈપ્કોવાલા-સંતરામ કૉલેજ ઓફ ફાઈન આર્ટ્સને અન્યાય બંધ થાય તેની ચર્ચામાં છેક ૨૦૦૭ થી આચાર્ય અને બીજી જગ્યાઓ

ભરવા રજૂઆત કરવા છતાં, ૩૦૦ વિદ્યાર્થીઓ હોવા છતાં, આ જગ્યાઓ ન ભરાતાં વિદ્યાર્થીઓને સંસ્થામાં વિશ્વાસ ન રહેતા, જેઓને કલાના શિક્ષણમાં રસ હોય તેવા વિદ્યાર્થીઓ નિરાશ થયા. સરકારે અમુક વિદ્યાર્થી સંખ્યા માટે આગ્રહ રાખી આ સંસ્થાને બંધ કરવા નિર્ણય લીધો. ગુજરાતની વડી અદાલતનો અમોએ આશરો લેતાં વિદ્યાર્થીઓનું હિત ન જોખમાય તે માટે સરકારશ્રીને યથાવત સ્થિતિ જાળવવા આદેશ થયો.

સરકારશ્રીએ વિચારવું પડશે કે કલા ચાહે આર્ટ્સ માટે હોય કે સંગીત માટેની હોય, કલામાં સંખ્યાની મર્યાદા રખાય તે તો શિક્ષણના અધિકારીઓની બલિહારી છે. ઊંચા પગારો લઇને સંસ્થા ટકી રહે તેને બદલે તોડવાનો પ્રયાસ થાય જે રસ ધરાવતા વિદ્યાર્થીઓને સરેઆમ અન્યાયરૂપ છે. કોર્ટનો આશરો લેવો પડે તે રાજ્ય સરકાર માટે શરમજનક બાબત ગણાય. સરકારમાં બેઠેલો મેનેજમેન્ટ માટે આવો અણગમો રાખે અને જે તેની મર્યાદામાં ન હોય તેવી બાબતમાં દખલગીરી થાય તે કેટલે દરજ્જે વ્યાજબી ગણાય?

આમ એકબાજુ દુનિયાની ૨૦૦ યુનિવર્સિટીમાં દેશની એક પણ યુનિવર્સિટી નથી આવતી. આ માટે વિશ્લેષણ કરવાનું થાય તો આમાં સરકારશ્રી જ દોષિત છે. છેક સ્વરાજ પ્રાપ્ત કર્યા પછી સરકારશ્રી તેના વાર્ષિક બજેટમાં બજેટનાં નાણાંને હિસાબે શિક્ષણ માટે નાણાં ફાળવવાને બદલે જી.ડી.પી.ના આધારે બજેટમાં ફાળવણી થાય તે ક્યાં સુધી વ્યાજબી છે? આપણાં કરતાં પાકિસ્તાન શિક્ષણ માટે બજેટમાં ફાળવણી વધુ કરે છે. શ્રી કોઠારીના વડપણ નીચેના કમિશને ૧૯૬૬માં જે ભલામણ કરી હતી તેની આજદિન સુધી સરકારોએ અવગણના કરી છે.

સારી કેળવણી અને સારા ઘડતર માટે ઉચ્ચ શિક્ષણ માટે મંજૂરી આપતી સંસ્થાએ નક્કી કરેલ નિયમો પ્રમાણે જ સંસ્થાઓને મંજૂરી આપવી જોઇએ અને સૂચવેલી બધી સુવિધાઓની પૂરેપૂરી ચકાસણી બાદ સંસ્થાને મંજૂરી આપવી જોઇએ, જેમાં જરૂરી સાધન-સામગ્રી સાથે અધ્યાપક અને આચાર્યની યોગ્ય પસંદગી પામેલ અધ્યાપક કે આચાર્યની નિમણૂક થયેલ હોવી જોઇએ. સંસ્થા ચાલુ થયા બાદ વર્ષોવર્ષ આ બધું ઉપલબ્ધ હોવું જોઇએ. આઇ.આઇ.ટી.નું સઘળું બજેટ અને સ્ટાફની પસંદગી અને નિમણૂક સરકારશ્રી કરતી હોય તો તેવી સંસ્થાઓ પ્રજાના નાણાંથી ચાલતી હોય ત્યાં તેની કામગીરી યોગ્ય રહે તે જરુરી છે. આવી પ્રથમ ૨૦૦ યુનિવર્સિટીનો સ્ટડી કરી શું ખૂટે છે તે પૂરૂ કરવા અમલદારો અને સરકારે સહિયારો પ્રયત્ન કરવો જોઇએ.

આવી સંસ્થાઓમાં અને યુનિવર્સિટીમાં ઉપકુલપતિ પણ યોગ્યતાના ધોરણે, શિક્ષણ અને સંશોધનમાં રસ ધરાવતા યોગ્ય વ્યક્તિની પસંદગી થાય તે જોવું જરૂરી છે. જે આજે મધ્યસ્થ સરકારથી માંડીને રાજ્ય સરકારો સુધી કાળજી લેવાતી નથી.

શિક્ષણમાં પણ લાગવગ અને માનીતી વ્યક્તિ મૂકવાની પરંપરા ચાલુ છે. જેથી યુનિવર્સિટીનું કામકાજ કથળતું જાય છે. હવે યુનિવર્સિટીઓમાં શિક્ષણ અને સંશોધનમાં રસ હોય તેવી યોગ્ય વ્યક્તિની પસંદગી અને તેને યોગ્ય સહકાર મળે તો તે યુનિવર્સિટીમાં શિક્ષણ અને સંશોધનમાં વિદ્યાર્થીઓનું સારું ઘડતર થાય તેવું મારું માનવું છે અને આમ થશે તો દેશની આવી યુનિવર્સિટી જરૂર અગ્રિમ સ્થાન પ્રાપ્ત કરશે તેમ મારા અનુભવે હું ચોક્કસ કહી શકું.

તા. ૨૪-૧૨-૨૦૧૬

## શિક્ષકના જીવનમાં પવિત્રતા

**એસ.જી. પટેલ**

'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈં'- આચાર્ય ચાણક્યનું આ વાક્ય શિક્ષકની ભૂમિકા, અગત્ય અને જવાબદારી ઘણી સારી રીતે ઉજાગર કરે છે.

હિન્દુધર્મમાં માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવની શ્રૃંખલામાં આચાર્ય દેવો ભવ કહેવાયું છે. જૈન ધર્મની પ્રાર્થનામાં પાંચ નમસ્કાર (પંચણમુક્કારો) આવે છે. ક્રમિક રીતે જોવા જઇએ તો સર્વ પ્રથમ નમસ્કાર છે અરિહંતને. જેણે વૈરભાવથી સંપૂર્ણ મુક્તિ મેળવી છે તેને. આપણે તેને અજાતશત્રુ તરીકે ઓળખી શકીએ. બીજા નમસ્કાર છે સિદ્ધોને સિદ્ધિની પાછળ અનન્ય સાધનાનું પીઠબળ હોય છે. સકારાત્મકતા અપનાવવાની ચાનક જ સાધના કહી શકાય. ત્રીજા નમસ્કાર છે આચાર્યોને. જે વ્યક્તિ સિદ્ધાન્તોને આચરણમાં લાવી બતાવે અને તે દ્વારા શિક્ષણ આપે તેને આચાર્ય કહેવાય છે. શિક્ષકના જીવનમાં પવિત્રતા આ સ્તરે આવે છે. આવવી આવશ્યક છે.ત્યાર પછીના નમસ્કાર ચોથા ક્રમે- ઉપાધ્યાયને નમસ્કાર છે. જે અધ્યયન-અધ્યાપનરત હોય, પુરુષાર્થી હોય અને જીવનનું લક્ષ્ય મેળવવા સંનિષ્ઠ હોય તેને આચાર્ય કહી શકાય અને છેલ્લા નમસ્કાર છે સાધુ પુરુષને. જેણે જીવનના શુભ લક્ષ્ય તરીકે સત્યં-શિવં સુંદરમ્‌નો મન્ત્ર અપનાવ્યો હોય તે સાધુ પુરુષ છે.

મુદ્દાની વાત એ છે કે શિક્ષક સમક્ષ આવનાર વિદ્યાર્થીમાં આ મન્ત્ર કોણ ફૂંકશે? આવા લક્ષ્ય મેળવવા કોણ પ્રેરણા આપશે? માતા-પિતા પછીનો મહત્ત્વનો પ્રેરણાસ્રોત છે શિક્ષક, ઉપાધ્યાય, આચાર્ય શિક્ષક માત્ર અભ્યાસક્રમ (સિલેબસ)ની ડિલિવરી કરનાર ટપાલી અર્થાત્ પોસ્ટમેન નથી. એનું કામ છે પ્રેરણાસ્રોત બનવાનું.

આ દેશમાં વિદ્વદ્‌જનોનું મહત્ત્વ રાજા કરતાં એ અદકેરું મના છે. કહેવાયું છે- 'સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે'. આ દેશમાં આદિ કાળથી ગુરુ-શિષ્ય પરંપરા પ્રસ્થાપિત થયેલી છે. આ સંબંધમાં જોડયેલા તંતુઓ દ્વારા એક પ્રકારની હાર્મની-મધુરતા ઉત્પન્ન થાય છે. આ તંતુઓમાં પણ વાજિન્ત્રોના તંતુઓ જેવા જ ગુણો સર્જાતા હોય છે. વાજિંત્રોના તંતુઓમાં જરુરિયાત કરતાં તેની ખેંચમાં વધઘટ થાય તો સૂરની મધુરતા ખોરવાઇ જાય છે. તેમાં સૂરને બદલે બેસૂરો-ઘોંઘાટ ઘૂસી જાય છે.

અહીંયાં આપણે બે વિભિન્ન ભૂમિકા ભજવતા વ્યક્તિઓ વચ્ચેના પવિત્ર સમ્બન્ધની વાત કરવા જઇ રહ્યા છે. આ બન્ને વ્યક્તિઓ વચ્ચેના પવિત્ર અને પરસ્પર પોષક સમ્બન્ધનો આધાર પવિત્રતા ઉપર છે. એ પવિત્રતા વડે પારસ્પરિક ઐક્યની ભાવનામાં વૃદ્ધિ કરી શકાય છે. બન્નેમાં એક વડીલ છે, વરિષ્ઠ છે જ્યારે અન્ય બાળક છે, વિદ્યાર્થી છે. એક બાજુ વિદ્યાર્થીનું જીવન ઘડતર થઇ રહ્યું છે તો બીજી બાજુ શિક્ષક છે, જેનું જીવન ઘડાઇ ચૂક્યું છે. તે વિદ્યાર્થી સમક્ષ એક રોલમૉડેલ તરીકે, એક આદર્શ તરીકે વર્ણવવામાં આવે છે.

આ તબક્કે પ્રેરણાસ્રોતની પવિત્રતાનો વિદ્યાર્થીના જીવન પર મોટો પ્રભાવ પડે છે. કહેવાયું છે પુત્રાત્ ઇચ્છેત્ પરાજયમ્, શિષ્યાત્ ઇચ્છેત્ પરાજયમ્ અર્થાત્ એક પિતા પુત્રથી અને ગુરુ શિષ્યથી પરાજિત થતાં અર્થાત્ તેમને સ્વયંથી આગળ વધતા જોઇને પ્રસન્નતા પામે છે. સમાજ શિક્ષણના આધારે ટકે છે અને શિક્ષણ પવિત્રતાના આધારે ટકે છે. શિક્ષક જ્યારે પવિત્ર ભાવનાથી પોતાનું કાર્ય કરે છે ત્યારે તે સમાજના વિકાસનું કાર્ય કરે છે. જેમ સ્થૂળ જીવનમાં શ્વાસોચ્છ્‌વાસ ચાલવો આવશ્યક છે એમ શિક્ષકના જીવનમાં ડગલે ને પગલે પવિત્રતા અનિવાર્ય છે.

શિક્ષક-આચાર્યના જીવનનો આધાર પવિત્ર બુદ્ધિ છે. જ્ઞાન, સંસ્કાર અને ચારિત્ર્ય ઘડતરનો આધાર પવિત્રતા છે. પવિત્રતા થકી જ પૂજનીયતાની સુવાસ પ્રસરે છે. શિક્ષકના પ્રત્યેક બોલ વરદાન સમાન બની જાય છે. વિદ્યાર્થી હંમેશા તેના માતા-પિતાની શિખામણ કરતાં શિક્ષકની વાતને વધારે મહત્ત્વ આપે છે માટે જ શિક્ષકના વાણી,વ્યવહાર અને વર્તનમાં-સત્યતા, પવિત્રતા, ધૈર્યતા, નમ્રતા અને મધુરતા અનિવાર્ય ગણાય છે. જ્યારે બોલ-ચારિત્ર્યના આધારે-વરદાની બની જાય છેત્યારે શિક્ષાર્થીએ મહેનત કરવી પડતી નથી. એ સહજતાથી અનુભવજન્ય જીવનન પાઠોનું પઠન-અધ્યયન થઇ જાય છે.

જ્યારે શિક્ષક વિદ્યાર્થી સમ્બન્ધમાં પવિત્રતા પાંગરે છે ત્યારે કેળવણી બોલી ઉઠે છે કે....

''હું સત્તાની દાસી નથી, કાયદાની કિંકરી નથી, વિજ્ઞાનની સખી નથી, કળાની પ્રતિહારી નથી, અર્થશાસ્ત્રની બાંદી નથી, હું તો ધર્મનું પુનરાગમન છું.

મનુષ્યના હૃદય, બુદ્ધિ તેમજ તમામ ઇન્દ્રિયોની સ્વામિની છું, માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર એ બે મારા પગ છે, કળા અને હુન્નર મારા હાથ છે, વિજ્ઞાન મારું મસ્તિષ્ક છે, ધર્મ મારું હૃદય છે, નિરીક્ષણ અને તર્ક મારી આંખો છે, ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે, ઇતિહાસ મરા કાન છે, સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે, ધીરજ મારું વ્રત છે, શ્રદ્ધા મારું ચૈતન્ય છે. આવી હું જગદમ્બા છું. મારી ઉપાસના કરનાર બીજા કોઇનો ઓશિયાળો નહીં રહે. એની સર્વ કામનાઓ મારી મારફતે તૃપ્ત થઇ શકે તેમ છે.''

- કાકા કાલેલકર

ઉપરોક્ત ઉદાહરણમાં શિક્ષક, શિક્ષણ અને શિક્ષાર્થી માટે આવશ્યક એ દરેક બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે. શિક્ષણ પ્રથાના આ ત્રણેય અંગો પરસ્પર ગાઢ અને ગૂઢ રીતે સંકળાયેલા છે. જરુરત છે એને પ્રેક્ટિકલ જીવનમાં અપનવવાની.

આ માટે નીચે જણાવેલા તબક્કાઓમાંથી પસાર થવું આવશ્યક છે.

પવિત્રતાનાં પાયા તરીકે કેટલીક હકીકતોને અપનાવવી જોઇએ તેમાં સત્યવકતા બનવું, જીવનમાં ધર્માચરણને પ્રાધાન્ય આપવું, નિરંતર આંતરિક પ્રગતિ કરાવી શકે તેવો સ્વાધ્યાય કરવો, પોતાના કર્મને પોતાની પૂજા ગણી માત્ર પગાર મેળવવાનો વ્યવસાય ન ગણવો. કહેવાયું છે કે પોતાના કામને વ્યક્તિ પોતે જેટલું મહત્ત્વ આપે છે તે કામ એટલું મહત્ત્વનું થઇ જાય છે માટે પોતાના વ્યવસાયનું અવમૂલ્યન કરવાના નિમિત્ત ન બનીએ. શિક્ષણ જીવન ઘડતરનું સાધન છે. મા જે રીતે બાળકનું સંગોપન કરે છે તે રીતે અર્થાત્ માતૃવત્ વિદ્યાર્થીના ચારિત્ર્ય ઘડતરની જવાબદારી જે દિવસે સ્વીકારીશું ત્યારે આપણે નિર્માણ અને પ્રલયના ચાણક્યસૂત્રને ચરિતાર્થ કરી શકીશું.

આવો, આપણે પોતાની અંદર વસતા શિક્ષકને જગાડીએ અને એનું પાવિત્ર્ય જાળવવાના ભગીરથ કાર્યમાં પોતાને જોડીએ. અસ્તુ.

(માનદમંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

ફોન નં. (૦૨૬૯૨) ૨૩૭૧૦૮

**॥ વિદ્યાવૃત્ત ॥**

**એન.વી. પટેલ કોલેજમાં ડિજિટલ બેન્કિંગ અને કેશલેસ પેમેન્ટ વિષય પર જાગૃતિ કાર્યક્રમ**

ભારત સરકાર દ્વારા પ્રેરિત વિત્તીય સાક્ષરતા અભિયાન અંતર્ગત ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઇ વિ. પટેલ કૉલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝના એનએસએસ યુનિટ દ્વારા ડિજિટલ બેન્કિંગ અને કેશલેસ પેમેન્ટ વિષય બાબતે વિદ્યાર્થીઓમાં જાગૃતિ અર્થે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બેંક ઓફ બરોડાના સીનીયર મેનેજર શ્રી પુનીત જૈને પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આ કાર્યક્રમમાં સૌથી વધુ વિદ્યાર્થી સ્વયંસેવકોને કેશલેસ પેમેન્ટની ઉપયોગિતા, તેના વિવિધ વિકલ્પો જરુરી સાવધાની વગેરે વિષય પર ઉપયોગી મહિતી પુરી પાડી હતી. કોલેજના આચાર્યશ્રી ડૉ. બાસુદેબ બક્ષીએ એનએસએસ યુનિટના પ્રયાસોને બિરદાવતાં સરકારના અભિયાનમાં સક્રિય ભૂમિકા ભજવવા સૌને અનુરોધ કર્યો હતો. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. યોગેશ પટેલ, શ્રી કાર્તિક જગતાપ અને શ્રી રણુભા ગોહિલે કાર્યક્રમના આયોજન માટે જરુરી વ્યવસ્થા કરી હતી.

**સૅમકોમ ખાતે વાલીઓની કાર્યશાળા યોજાઇ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સૅમકોમ કોલેજ ખાતે તા. ૮-૧-૨૦૧૭ના રોજ છેલ્લા વર્ષમાં ભણતાં વિદ્યાર્થીઓના વાલીઓની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રામકૃષ્ણ મિશન વડોદરા સેન્ટરના હેડ સ્વામિ નિખિલેશ્વરાનંદજી દ્વારા સમગ્ર કાર્યશાળાનું સંચાલન કરવામાં આવ્યું હતું. સ્વામિ નિખિલેશ્વરાનંદજીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જનરેશન ગેપ ઉપર ભાર મૂક્યો હતો. તેઓએ મિડિયા અને ઉપભોગતાવાદની યુવાપેઢી ઉપરની અસર અંગે ચર્ચા કરી હતી. પશ્ચિમી સંસ્કૃતિનો ભારતીય સંસ્કૃતિ ઉપર પ્રભાવ સંબંધમાં વિખવાદ અને તિરાડ પાડી છે. કારકિર્દી ઘડતરની સાથે ચારિત્ર્ય નિર્માણ બંન્ને સફળ અને સંતોષજનક જીવનની ચાવી છે. વાલીપણાના કક્કા બારાખડી દ્વારા યુવાઅવસ્થાના પડકારો અને તેમના સંબંધોની તિરાડો દૂર કરી શકાય છે.

આ કાર્યશાળામાં વાલીઓની સાથે સૅમકોમના પ્રાધ્યાપકોએ પણ ભાગ લીધો હતો. આચાર્યશ્રી ડૉ. નિખિલ ઝવેરી અને કાર્યકારી આચાર્યો ડૉ. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ કો-ઓર્ડિનેટર પ્રા. જો મેરી જ્યોર્જ એ કાર્યશાળાનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું.

## અમર ગઝલો

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,
ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.

ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.

પરિચિતોને ધરાઇને જોઇ લેવા દો,
આ હસતા ચ્હેરા; આ મીઠી નજર મળે ન મળે.

ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.

રડી લો આજ સંબંધોને વીંટળાઇ અહીં,
પછી કોઇને કોઇની કબર મળે ન મળે.

વળાવા આવ્યા છે એ ચ્હેરા ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઇ હમસફર મળે ન મળે.

વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ,
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

**'આદિલ' મન્સુરી**

ખુશ્બુમાં ખીલેલા ફૂલ હતા, ઊર્મિમાં ડૂબેલાં જામ હતા,
શું આંસુનો ભૂતકાળ હતો- શું આંસુનાં પણ નામ હતાં?

થોડાક ખુલાસા કરવા'તા થોડીક શિકાયત કરવી'તી,
ઓ મોત જરા રોકાઇ જતે, બેચાર મને પણ કામ હતાં.

હું ચાંદની રાતે નીકળ્યો તો ને મારી સફર ચર્ચાઇ ગઇ,
કંઇ મંઝિલ પણ મશહૂર હતી, કંઇ રસ્તા પણ બદનામ હતા.

જીવનની સમી સાંજે મારે જખ્મોની યાદી જોવી તી,
બહુ ઓછાં પાનાં જોઇ શક્યો, બહુ અંગત અંગત નામ હતાં.

જે પેલા ખૂણે બેઠા છે એ સૈફ છે, મિત્રો જાણો છો?
એ કેવા ચંચલ જીવ હતા, ને કેવા રમતારામ હતા!

**'સૈફ' પાલનપુરી**

દિવસો જુદાઇના જાય છે, એ જશે જરૂર મિલન સુધી,
મને હાથ ઝાલીને લઇ જશે, હવે શત્રુઓ જ સ્વજન સુધી.

ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી;
અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના મન સુધી.

હજી પાથરી ન શક્યું સુમન પરિમલ જગતના ચમન સુધી,
ન ધરાની હોય જો સંમતિ, મને લૈ જશો ન ગગન સુધી.

છે અજબ પ્રકારની જિંદગી કહો એને પ્યારની જિંદગી,
ન રહી શકાય જીવ્યા વિના, ન ટકી શકાય જીવન સુધી.

તમે રાંકના છો રતન સમાં, ન મળો હે અશ્રુઓ ધૂળમાં;
જો અરજ કબૂલ હો આટલી, તો હૃદયથી જાઓ નયન સુધી.

તમે રાજરાણીનાં ચીર સમ, અમે રંક નારની ચૂંદડી!
તમે બે ઘડી રહો અંગ પર, અમે સાથ દઇએ કફન સુધી.

જો હૃદયની આગ વધી 'ગની', તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી,
કોઇ શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય અગન સુધી.

**'ગની' દહીંવાલા**

મેં તજી તારી તમન્ના તેનો આ અંજામ છે
કે હવે સાચેજ લાગે છે કે તારું કામ છે.

છે સ્ખલન બે ત્રણ પ્રસંગોમાં મને પણ છે કબુલ
કોણ જાણે કેમ આખી ઝિંદગી બદનામ છે.

એક વિતેલો પ્રસંગ પાછો ઉજવવો છે ખુદા
એક પળ માટે વિતેલી ઝિંદગીનું કામ છે.

મારી આ મજબુર મસ્તીનો નશો ઊતરી ગયો
આપ પણ એવું કહો છો કે મને આરામ છે.

આપની સામે ભલે સોદો મફતમાં થઇ ગયો
એમ જો પૂછો બહુ મોંઘા અમારા દામ છે.

કોણ જાણે કેમ સાંભળતાં જ દિલ દુખતું હશે
હું તો માનું છું કે તારું નામ પ્યારું નામ છે.

ઝિંદગીના રસને પીવામાં કરો જલદી 'મરીઝ'
એક તો ઓછી મદીરા છે, ને ગળતું જામ છે.

**મરીઝ**

નાનપણ થી જ બળવાન અને ઉપયોગી
વિચારો તમારા મગજમાં ધારણ કરો....
**- સ્વામી વિવેકાનંદ**

॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)

**રગ-રગમાં ભારતીયતા ભરી છે.**

**વિનોબા ભાવે**

આપણા ઋષિઓ અને મહર્ષિઓએ આખા ભારતને એક બનાવવા માટે યુક્તિ શોધી કાઢી. 'ભારતવર્ષ પુણ્યભૂમિ છે,' એમ કહીને એમણે લોકોને યાત્રા કરવાની પ્રેરણા આપી. 'કાશી મોટું તીર્થસ્થાન છે, રામેશ્વર પુણ્યધામ છે.' એમ કહીને લોકોને તીર્થાટનની પ્રેરણા આપી. તે જમાનામાં આવવા-જવાનાં સારાં સાધનો હતાં નહીં, યાત્રા કરવામાં ઘણું કષ્ટ પડતું; તેમ છતાં લોકો યાત્રા કરતા. આવી તીર્થયાત્રાઓના મૂળમાં ઉદ્દેશ ભારતદર્શનનો જ રહેતો. ઋષિઓના મનમાં રાષ્ટ્રીય એકતાનો ઉદ્દેશ હતો.

કાશીમાં ગંગાતટ ઉપર રહેનારો તડપે છે કે કાશીની ગંગાની કાવડ ભરીને ક્યારે રામેશ્વરને ચઢાવું? રામેશ્વરમાં રહેનારો તડપે છે કે રામેશ્વરના સમુદ્રનું જળ કાશી-વિશ્વેશ્વરના મસ્તક ઉપર ક્યારે ચઢાવું? જાણે કાશી અને રામેશ્વર એના મકાનનું આંગણું અને પાછલો વાડો ન હોય! વાસ્તવમાં બંને વચ્ચે પંદરસો માઈલનું અંતર છે, પરંતુ આપણા શ્રેષ્ઠ ઋષિઓએ આપણને એવો વૈભવ આપ્યો છે કે આપણું આંગણું પંદરસો માઈલ સુધી વિસ્તરેલું છે! કેટલી વ્યાપક અને પવિત્ર ભાવના છે આ.

૧૨૦૦ વરસ પહેલાં શંકરાચાર્ય દક્ષિણમાંથી યાત્રા કરતા કરતા છેક શ્રીનગર ગયા હતા અને ત્યાં પહાડ ઉપર ભગવાન શંકરની સ્થાપના કરી હતી. શંકરાચાર્યે બિલકુલ જુવાનીમાં પગપાળા યાત્રા કરી અને કેરલથી નીકળીને કાશ્મીર પહોંચ્યા. મલબારનો એક છોકરો, ભારતના ઠેઠ દક્ષિણ છેડાનો એક છોકરો, તે જમાનામાં કાશ્મીર સુધી પગે ચાલતો ચાલતો આવ્યો.

શંકરાચાર્યે સમાધિ પણ હિમાલયમાં જ લીધી. કેદારનાથમાં શંકરની સમાધિ છે. વળી, કેદારનાથના મંદિરમાં આજ સુધી એવી પરંપરા ચાલી આવે છે કે ત્યાંનો મુખ્ય પૂજારી કેરલનો નંબૂદ્રી બ્રાહ્મણ જ હોય. શંકરાચાર્યે ચાર દિશામાં ચાર આશ્રમ સ્થાપ્યા-દ્વારિકા, જગન્નાથપુરી, બદ્રીકેદાર અને શૃંગેરી. હજાર-હજાર માઈલનું અંતર આ મઠો વચ્ચે હતું. એ મઠોવાળાઓને એકબીજાને મળવું હોય તોયે વરસ બે વરસ પગપાળા યાત્રા કરવી પડતી. શંકરાચાર્યમાં સમસ્ત ભારતીયતા મૂર્તિમંત થઈ ગઈ હતી.

આપણો ભારત દેશ મોટો છે, મહાન છે, પરંતુ આ મહાનતા એમની એમ નથી આવી ગઈ, તેની પાછળ દીર્ઘ કાળની વિચારપૂર્વકની મહેનત છે, સાધના છે. તેના પરિણામ સ્વરૂપ આવી એક મહાન સંસ્કૃતિ ઊભી થઈ છે. આ પ્રાચીન સંસ્કૃતિનો સંદેશ આ દેશના એક ખૂણાથી બીજા ખૂણા સુધી પહોંચાડવામાં આવ્યો છે. જ્યારે આજના જેવાં સંદેશાવ્યવહારનાં કોઈ સાધનો નહોતાં, ત્યારે આવડું મોટું રાષ્ટ્રીય એકતાનું જે કામ થયું છે, તે અદ્ભુત જ છે.!

અનેકાનેક ભેદ હોવા છતાં આપણા પૂર્વજોએ એક રાષ્ટ્રની ભાવના આપણા ચિત્તમાં એવી તો બેસાડી દીધી છે, તેના માટે એવી એવી પરંપરા ઊભી કરી દીધી છે કે આશ્ચર્ય જ થાય છે ! તમિલનાડુ, કર્ણાટક કે મહારાષ્ટ્રનો માણસ સ્નાન માટે કાવેરી, તુંગભદ્રા કે ગોદાવરી જશે તોયે કહેશે કે, હું ગંગા સ્નાન માટે જાઉં છું! આ રીતે આપણા પૂર્વજોએ આપણી રગ-રગમાં ભારતીયતા ભરી દીધી છે.

અનેક સંતપુરુષો આ દેશની ધરતીને પગપાળા ખૂંદી વળ્યા છે, અને એમણે જ આ દેશને એક બનાવ્યો છે. ભારતના એક એક સંતશિરોમણિ અહીં વરસો સુધી ઘૂમતા રહ્યા. શંકરાચાર્ય ૧૫ વરસ, રામાનુજ ૧૨ થી ૧૪ વરસ, વલ્લભાચાર્ય ૧૮ વરસ, શંકરદેવ ૧૨ વરસ, નામદેવ-૧૩-૧૪ વરસ, નાનક ૧૮ થી ૨૦ વરસ અને કબીર ૨૫ થી ૩૦ વરસ સુધી પગપાળા ફર્યાં. આવો ઉજ્જવળ ઈતિહાસ આ ભારતીય સંસ્કૃતિ પાછળ છે.

હજારો વરસોના પ્રયત્ન બાદ માણસનો સદ્-અસદ્ વિવેક કેળવાયોછે, કેટલીક નિષ્ઠાઓ પાકી થઈ છે, ઉચિત-અનુચિતનો ખ્યાલ સ્થિર થયો છે. માણસની આ જે ઉચિત-અનુચિતની ભાવના બની છે, તે કોઈ રાજા-મહારાજાએ નથી બનાવી, સંતોએ બનાવી છે. આ સંત-મહાપુરુષો જો ન હોત, તો આપણે જાનવર જ રહી જાત. અહીંનું લોકમાનસ સંતો દ્વારા કેળવાયું છે.

રવીન્દ્રનાથ ઠાકુરે ગાયું, 'ભારતેર મહામાનવેર સાગરતીરે !' ભારત એક મહામાનવ-સમુદ્ર છે. જેમ સમુદ્રમાં ચારે કોરથી નદીઓ આવીને મળે છે, તેમ આ દેશમાં લોકો આવીને અહીંના માનવસાગરમાં સમાઈ ગયા છે. આપણે હવે આ સમાજને એકરસ બનાવવાનો છે. એકરસ સમાજ હશે, તે ષડ્રસયુક્ત સમાજ હશે. ભિન્ન-ભિન્ન જમાતોના ગુણોને કાયમ રાખીને એમને સહુને આપણે એકરસ કરવા પડશે. સંગીતકારની માફક સાત સૂરોને મેળવીને એક સુંદર સુસંવાદી 'ભારત-રાગ' આપણે નિપજાવવાનો છે.

('વાચનયાત્રાનો પ્રસાદ'માંથી સાભાર)

## આટલી નિરાંતે

**પ્રીતમ લખલાણી**

રોજ રાત્રે
ટમટમટો આ દીવો
ડેલીયે જાગતો
બેઠો ન હોત તો?
શું સૂર્ય?
ઢોલિયે
અંધકારની રજાઇ ઓઢી
આટલી નિરાંતે
ક્યારેય
ઊંઘી શકે ખરો?

65, Falcon Drive, West Henrietta,
NY14586, U.S.A.

## બે ગઝલો

**આબિદ ભટ્ટ**

પથ્થરોથી શ્વાસની ટક્કર હતી,
પણ ખુદા તારી નજર બખ્તર હતી!

મોત તો પ્રશ્નાર્થ સૌના લેખનું,
ને પળેપળ જિંદગી ઉત્તર હતી!

શબ્દ બે હોઠે નહીં લાવી શક્યા,
લાગણી દર ખોલવા તત્પર હતી.

છે પ્રતીક્ષામાં પવનની સૌ પતંગ,
ગુંબજે તારી ધજા ફરફર હતી!

ત્યાં કદર મારી તરસ પામી નહીં,
ના નગરની આંખ સ્હેજે તર હતી.

ના કલમ, કાગળ,ને અવતરતી ગઝલ,
પાંપણેથી લાગણી ઝરમર હતી!

જીવતાને વસ્ત્ર ટુકડો ન મળ્યું,
લાશ પામીને કફન સદ્ધર હતી!

(નિર્ઝર, મદીના મસ્જિદ રોડ, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર-
૩૮૩૦૦૧ જિ. સાબરકાંઠા ફોનઃ (૦૨૭૭૨) ૨૪૪૧૧૨
મો: ૯૪૦૯૦૨૨૧૩૦)

## ઓળખી ના શકું

**સુધીર પટેલ**

કહો છો હું ચોપાસને ઓળખી ના શકું,
હું મારા જ આ શ્વાસને ઓળખી ના શકું!

દુનિયા છે અંધારિયા ખંડ જેવી હજી,
પ્રગટ કોઇ અજવાસને ઓળખી ના શકું!

દગા ને ભરમનો પરિચય થયો છે સતત,
હું સામેથી વિશ્વાસને ઓળખી ના શકું!

પ્રતિબિંબ જોયા કરું ટેવવશ એટલે,
અસલને કે આભાસને ઓળખી ના શકું!

ત્રિશંકુથી બદતર છે હાલત ધરા પર ‘સુધીર’,
ના ધરતીને, આકાશને ઓળખી ના શકું!

(2624 Jameson Dr. NW, Concord, NC 28027.
USA email: sudhir12@gmail.com)

## ધખારાં

**કાજલ એચ. જોષી**

એક અફવાનાં પણ બે કિનારાં હોય છે.
સત્ય-અસત્ય તેનાં પિનારાં હોય છે.

તારાં મોહનો અસબાબ સંકેલજે શહેર,
મૃગજળનાં આંસુ પણ ખારાં હોય છે.

આથી દીધું જેણે તેજ માટે આયખું,
એ જ આભે બેઠેલ ચિતારાં હોય છે.

કોઇની આંખમાં તો કોઇની ભીતરે જીવે,
એ એકની એક જ ધારાં હોય છે.

થાકી ગયા પગ ચાલી-ચાલી પોતાનામાં,
પામવાનાં એ નિરંતર એ ધખારાં હોય છે.

(મુ. બોરલા, પો.બેલા તા. તળાજા, જિ. ભાવનગર)

તમારા પર પૂરેપૂરી જવાબદારી લો અને
તમારા ભાગ્યના સ્રષ્ટા તમે જ છો એમ જાણો
**- સ્વામી વિવેકાનંદ**

## સુરક્ષિત ડિજિટલ પેમેન્ટ

**સર્વેશ ત્રિવેદી**

જુલાઇ ૨૦૧૬માં ગુગલ અને બોસ્ટન કન્સલ્ટીંગ ગ્રુપ (બીસીજી)ના સંયુક્ત સંશોધન અહેવાલ મુજબ આગામી ૪ વર્ષમાં ડિજિટલ પેમેન્ટ ટ્રાન્ઝેક્શન ૩૦ લાખ કરોડને આંબી જશે તે જોતાં ભારત સરકારે ડિજિટલ પેમેન્ટ માટે લીધેલ નિર્ણય ખરેખર આવકારદાયક છે. સપ્ટેમ્બર ૦૧૬માં થયેલ એક આંકડાકીય સર્વેક્ષણ મુજબ ભારતમાં ૧.૦૧૨ અબજ લોકો મોબાઇલ ફોન ધરાવે છે અને તેમાંથી ૪૬.૨૦ કરોડ લોકો ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે. માર્ચ ૨૦૧૫ની સરખામણીમાં ઇન્ટરનેટના વપરાશમાં ૯૦ ટકાની વૃદ્ધિ નોંધાઇ છે. નવેમ્બર ૨૦૧૬માં નોર્ટન સીમેન્ટેક દ્વારા રજૂ કરાયેલ સંશોધન અહેવાલ જણાવે છે કે ભારતીયો-ખાસ કરીને ૧૯૮૦ થી ૨૦૦૦ની વચ્ચે જન્મેલ જેઓ મિલેનિઅલ તરીકે ઓળખાય છે. તેઓ ઇન્ટરનેટ પર થતા ગુનાઓથી વાકેફ હોવા છતાં સાયબર સુરક્ષા માટે જરૂરી બાબતોને અવગણે છે. અને આ સૌથી વધુ ચિંતાજનક બાબત છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ દેશની સાયબર સુરક્ષાને સઘન બનાવવા માટે રચેલ સમિતિનો અહેવાલ સાયબર સુરક્ષા માટેના શિક્ષણને પ્રાથમિક જરૂરિયાત ગણાવે છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પણ સાયબર સુરક્ષાને ભારત માટે પ્રાથમિક જરૂરિયાત ગણાવી છે.

વડાપ્રધાનશ્રીએ એક સૂત્ર આપ્યું છે. ''મારો મોબાઇલ, મારી બેંક, મારો બટવો''

આ સૂત્ર મુજબ મારો મબોઇલ જ મારો બટવો બની શકે છે અને મારા નાણાકીય વ્યવહાર માટેની બેંક પણ બની શકે છે. તો તમારા આ બટવાને, તમારી આ બેંકને સુરક્ષિત રાખવા આટલા સૂચનો અવશ્ય અનુસરો.

૧. દરેક મોબાઇલ ૧૫ આંકડાનો એક અપૂર્વ નંબર ધરાવે છે જે આઇ.એમ.ઇ.આઇ. (ઇન્ટરનેશનલ મોબાઇલ ઇક્વિપમેન્ટ આઇડેન્ટિટી) તરીકે ઓળખાય છે. મોબાઇલ બોક્ષમાં આ નંબર લખેલ હોય છે અને મોબાઇલ બિલમાં પણ આ નંબર લખેલ હોય છે. જો આઇ.એમ.ઇ.આઇ. નંબર બિલમાં ના લખેલ હોય તો તમે તમારા મોબાઇલના ડાયલ પેડ ઉપર *#06# ટાઇપ કરશો તો પણ તમને તે નંબર દેખાશે. સૌ પ્રથમ તો આ નંબર એક ડાયરીમાં નોંધી લો. સાથે સાથે મોબાઇલ કંપનીનું નામ, મોડેલ નંબર, વગેરે પણ નોંધી રાખો. આ માહિતી ગોપનીય રાખો.

૨. આપે ખરીદેલ મોબાઇલના બિલની કોપી કે બિલનો ફોટોગ્રાફ સાચવીને મૂકી રાખો. અગર મોબાઇલ ખોવાઇ જાય, ચોરાઇ જાય તો તમે સાચવેલ આઇ.એમ.ઈ.આઈ. નંબર, બિલ પોલીસ ફરિયાદ નોંધવામાં ઉપયોગી થશે.

૩. મોબાઇલ દ્વારા ડિજિટલ પેમન્ટ ત્રણ રીતે શક્ય છે.૧. યુ.એસ.એસ.ડી. (અનસ્ટ્રકચર્ડ સપ્લીમેન્ટરી સર્વિસ ડેટા), ૨. યુ.પી.આઇ., (યુનિફાઇડ પેમેન્ટ સર્વિસ), ૩. ઈ-વોલેટ

૩.૧. યુ.એસ.એસ.ડી. થકી ડિજિટલ પેમેન્ટ માટે ઇન્ટરનેટ જરૂરી નથી અને સાથે સ્માર્ટ ફોનના બદલે સામાન્ય ફોન પણ વાપરી શકાય છે. પરંતુ બીજી બે સર્વિસ માટે ઇન્ટરનેટ તથા સ્માર્ટફોન જરૂરી છે. યુ.એસ.એસ.ડી. સુવિધા *#99# થી પણ ઓળખાય છે. જો તમે આ સુવિધા થકી ડિજિટલ પેમેન્ટ કરવા માંગતા હો તો તમારે બે નંબર ખૂબ જ સુરક્ષિત રાખવા પડશે. એક છે એમ.એમ.આઇ.ડી. (મોબાઇલ મની આઇડેન્ટિફાયર જે સાત આંકડાનો નંબર હોય છે અને જે બેંકમાં તમારું ખાતું હોય તે બેંકમાં તમારો મોબાઇલ નંબર આ સર્વિસ માટે નોંધાવો ત્યારે બેંક દ્વારા આપવામાં આવતો હોય છે.) બીજો નંબર છે એમ.પીન (મોબાઇલ પર્સોનલ આઇડેન્ટિફીકેશન નંબર). આ બન્ને નંબર તમારી ડાયરીમાં નોંધી રાખો અને કોઇની પણ સાથે આપ-લે ન કરો.

૩.૨ યુ.પી.આઇ. અથવા ઇ-વોલેટ સુવિધાના ઉપયોગ માટે તમારી પાસે સ્માર્ટફોન અને ઇન્ટરનેટનું જોડાણ હોવું જરૂરી છે.

૩.૩ આપના મોબાઇલમાં ઇન્ટરનેટનું જોડાણ બે રીતે શક્ય છેઃ અ.વાઇ-ફાઇ દ્વારા બ. સીમ કાર્ડ દ્વારા-

વાઇ-ફાઇ (વાયરલેસ-ફીડેલીટી) એટલે સંદેશા વ્યવહારનું એક એવું માધ્યમ કે જેમાં સંદેશ/માહિતી મોકલનાર અને મેળવનાર રેડિયો તરંગો દ્વારા માહિતીની

આપ-લે કરી શકે છે. અગર તમે ઇન્ટરનેટનો ઉપયોગ તમારા ઘરના વાઇ-ફાઇ (વાયરલેસ રાઉટર) થકી કરો છો તો સૌથી મહત્ત્વની બે બાબત છે: એક છે એસ.એસ.આઇ.ડી. (સર્વિસ સેટ આઇડેન્ટિફાયર- જેને તમે વાયરલેસ રાઉટરના નામ તરીકે ઓળખી શકો છો.) આ નામ થોડું જટિલ રાખવું જોઇએ જેથી કરીને આજુબાજુના લોકો સહેલાઇથી ઓળખી ન શકે કે કોનું વાઇ-ફાઇ નેટવર્ક સક્રિય છે. વાઇ-ફાઇનું જોડાણ ડબલ્યુ.પી.એ./ડબલ્યુ.પી.એ.-૨ પી.એસ.કે. (વાયરલેસ પ્રોટેક્ટેડ એક્સેસ/પ્રિ એક્સેસ કી) થકી જ થવું જોઇએ જે સુરક્ષા માટે ખૂબ જ જરૂરી છે. બીજી મહત્ત્વની બાબત છે. ''પાસવર્ડ''.

**પાસવર્ડ માટે જરૂરી સૂચનોઃ**

અ. સહેલાઇથી વિચારી શકાય તેવા પાસવર્ડ ક્યારેય ન રાખો ઉદાહરણ તરીકે પતિ-પત્ની-બાળકોનું નામ, વાહન નંબર, મોબાઇલ નંબર, જન્મ તારીખ વગેરે...

બ. પાસવર્ડ ઓછામાં ઓછો ૮ અક્ષરનો રાખો.

ક. પાસવર્ડના અક્ષરોમાં અંગ્રેજી ભાષામાં પ્રથમ, દ્વિતીય એબીસીડી, આંકડા અને ચોક્કસ અક્ષરો જેવા કે $,@,#,! વગેરેનો ઉપયોગ કરો. આમ કરવાથી તમારો પાસવર્ડ ચોક્કસ સુરક્ષિત બનશે. (ઉદાહરણ તરીકે અગર તમારો પાસવર્ડ download હોય તો તેને D0Wn10@D તરીકે ટાઇપ કરવાથી ચોક્કસ સુરક્ષિત બનશે. અહીં પ્રથમ અક્ષર D પ્રથમ એબીસીડીમાં છે, બીજો અક્ષર ૦ (શૂન્ય) છે, ત્રીજો, ચોથો અક્ષર Wn દ્વિતીય એબીસીડીમાં છે, પાંચમો અક્ષર 1 છે જે l (એલ) જેવો દેખાય છે, છઠ્ઠો અક્ષર ૦ (ઓ) છે, સાતમો અક્ષર @ છે જે a જેવો દેખાય છે અને આઠમો અક્ષર ફરીથી D છે.)

ડ. તમારો પાસવર્ડ ગોપનીય રાખો. કોઇની પણ સાથે આપ-લે ન કરો. પાસવર્ડ તમારી ડાયરીમાં નોંધી રાખો અને હા ડાયરી પણ ગોપનીય રાખવાનું ભૂલશો નહિ. નોર્ટન સીમેન્ટેક દ્વારા રજૂ કરાયેલ સંશોધન અહેવાલ જણાવે છે કે મિલેનિઅલ પોતાનો પાસવર્ડ આપ-લે કરતાં સહેજ પણ અચકાતા નથી.

ઇ. સમયાંતરે તમારો પાસવર્ડ બદલતા રહો. નવા પાસવર્ડની નોંધણી તમારી ડાયરીમાં કરવાનું ભૂલશો નહિ.

ફ. તમારા મોબાઇલ સ્ક્રીનને પણ પાસવર્ડ/પીન (પર્સોનલ આઇડેન્ટિફીકેશન નંબર) પેટર્ન દ્વારા સુરક્ષિત રાખો.

૩.૪ જાહેર જગ્યાએ મળતી વાઇ-ફાઇની સુવિધાનો ઉપયોગ ડિજિટલ પેમેન્ટ માટે કદી ન કરશો. ઇન્ટરનેટના ઉપયોગ બાદ વાઇ-ફાઇ તરત જ બંધ કરી દેવું જોઇએ.

૩.૫ સીમ-કાર્ડ થકી પણ ઇન્ટરનેટનું જોડાણ શક્ય છે (સ્માર્ટ ફોનમાં મોબાઇલ ડેટા). સીમ એટલે સબસ્ક્રાયબર આઇડેન્ટિટી મોડ્યુલ જેમાં તમારો મોબાઇલ નંબર સચવાયેલ હોય છે.

૩.૬ યુ.પી.આઇ. (યુનિફાઇડ પેમેન્ટ સર્વિસ) માટે જે બેંકમાં તમારું ખાતું હોય તે બેંકની એપ (એપ્લીકેશન) ડાઉનલોડ/ઇન્સ્ટોલ કરો. આવી એપ સુરક્ષિત ઇન્ટરનેટ લિંક થકી જ ડાઉનલોડ કરો. ત્યારબાદ તે એપ શરૂ કરતી વખતે જે જરૂરી વિગતો ભરો છો તે પણ તમારી ડાયરીમાં નોંધી રાખો.

આજકાલ મળતા સ્માર્ટફોનમાં સ્ક્રીન રેકોર્ડિંગની સુવિધા પણ ઉપલબ્ધ હોય છે. જો આ સુવિધા તમારા મોબાઇલ ફોનમાં હોય તો તમે ડિજિટલ પેમેન્ટ કરતી વખતે હંમેશાં સ્ક્રીન રેકોર્ડીંગ કરો.

ઇ-સ્ટેટમેન્ટ/ઇ- પાસબુક જેવી સુવિધાનો ઉપયોગ કરો અને અવારનવાર તે ચકાસતા રહો.

૩.૭ ઇ-વોલેટ સુવિધા પેટીએમ, મોબીક્વિક, ફ્રીચાર્જ વગેરે કંપનીઓ દ્વારા આપવામાં આવે છે. આમાંથી કોઇ પણ એપ (એપ્લીકેશન) ડાઉનલોડ/ઇન્સ્ટોલ કરો. આવી એપ સુરક્ષિત ઇન્ટરનેટ લિંક થકી જ ડાઉનલોડ કરો. ત્યારબાદ તે એપ શરૂ કરતી વખતે જે જરૂરી વિગતો (ખાસ તો પાસવર્ડ) ભરો છો તે પણ તમારી ડાયરીમાં નોંધી રાખો. અગર એક કરતાં વધારે ઇ-વોલેટનો ઉપયોગ કરો છો તો દરેક માટે અલગ પાસવર્ડ રાખો. ફેસબુક, ગુગલ + દ્વારા ક્યારેય નોંધણી ન કરાવો.

ઇ-વોલેટમાં સૌ પ્રથમ તો તમારે તમારા બેંક ખાતામાંથી રૂપિયા તબદીલ કરવા પડશે. આ માટે તમારે ડેબીટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ કે નેટ બેન્કિંગ સુવિધાનો ઉપયોગ કરવો પડશે. તમારા ઇ- વોલેટમાં આ કાર્ડની માહિતી

(જેવી કે કાર્ડ નંબર, સમાપ્તિ તારીખ, સી.વી.વી. નંબર એટલે કે કાર્ડ વેરીફાયર વેલ્યુ જે ત્રણ આંકડાનો નંબર હોય છે) સાચવી રાખવાની સુવિધા હોય છે જેથી કરીને તમે તમારા-ઈ-વોલેટમાં જરૂરિયાત મુજબ નાણાં ભરી શકો છો પરંતુ ડેબીટ કાર્ડ, ક્રેડિટ કાર્ડની માહિતી ક્યારેય સાચવીને રાખવી જોઈએ નહિ. ઈ-વોલેટ દ્વારા ડિજિટલ પેમેન્ટ થયા બાદ તરત જ સાઈન આઉટ કરવું જોઈએ. ઈ-વોલેટમાં પાસબુક સુવિધાનો ઊપયોગ કરવો જોઈએ અને સ્ટેટમેન્ટ અવારનવાર ચકાસતા રહેવું જોઈએ.

ડિજિટલ પેમેન્ટના ઉપયોગ બાદ ઈન્ટરનેટ બંધ કરી દેવું જોઈએ.

૩.૮ યુ.પી.આઈ. તથા ઈ-વોલેટ એપનું જ્યારે જ્યારે પણ અપડેટ આવે ત્યારે ત્યારે સુરક્ષાની દૃષ્ટિએ તે એપ તુરત જ અપડેટ કરો.

૪. તમારા મોબાઈલમાં જી.પી.એસ., બ્લુટુથ જેવી સર્વિસ જરૂરિયાત સમયે જ સક્રિય કરો અન્યથા આવી સર્વિસ બંધ રાખો.

૫. ડિજિટલ પેમેન્ટ માટે હંમેશાં અલાયદું ઈ-મેઈલ આઈડી રાખો જેનો ઉપયોગ ફક્ત અને ફક્ત ડિજિટલ પેમેન્ટ માટેના સંદેશા મેળવવા માટે જ કરો. આ ઈ-મેઈલ આઈ.ડી. કોઈની પણ સાથે આપ-લે ન કરો.

૬. જે કંપની/બેંકની ડિજિટલ પેમેન્ટ સુવિધા તમે લેવા માંગતો હો, તે કંપની/બેંકની એપની “Terms of Service”, “Privacy Policy”, “Money Return Policy” વગેરેનો એક વખત અભ્યાસ ચોક્કસ કરો.

૭. જે કંપની-બેંકની ડિજિટલ પેમેન્ટ સુવિધા તમે ધરાવતા હો તે કંપની/બેંકના કસ્મટર કેર સર્વિસના ફોન નંબર-ઈ-મેઈલ આઈ.ડી. તમારી ડાયરીમાં નોંધી રાખો.

૮. દરેક ડિજિટલ પેમેન્ટ બાદ આપને એસ.એમ.એસ. દ્વારા સંદેશ પ્રાપ્ત થાય તેવો આગ્રહ રાખો.

૯. ભારત સરકારે સાયબર ગુનાની તપાસ માટે અલાયદા સાયબર ક્રાઈમ સેલ ઊભા કરેલ છે.તો તમારી નજીકના સાયબર ક્રાઈમ સેલના ફોન નંબર તમારી ડાયરીમાં નોંધી રાખો.

૧૦. સમયાંતરે તમારા મોબાઈલ ફોનનું સંપૂર્ણ બેક-અપ લેતા રહો.

(સેમકોમ કોલેજ, વલ્લભ વિદ્યાનગર)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર ‘વિ-વિદ્યાનગર’ માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં ‘વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી’ એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. ‘વિ-વિદ્યાનગર’માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

‘વિ-વિદ્યાનગર’ સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

## ધૂળમાં ઊડતો મેવાડઃ ગુજરાતી નિબંધ સાહિત્યનો મહત્ત્વનો પડાવ

**સંધ્યા ભટ્ટ**

(ધૂળમાં ઊડતો મેવાડ (સર્જનાત્મક નિબંધો) લે. મણિલાલ હ. પટેલ, પ્ર. લજ્જા પબ્લિકેશન્સ, બીજે માળ, સુપર માર્કેટ, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભવિદ્યાનગર ફોન (૦૨૬૯૨) ૨૩૩૮૬૩ પ્ર.આ. ૨૦૧૦ મૂલ્ય રૂા. ૧૫૦.૦૦)

આપણા વરિષ્ઠ સર્જક મણિલાલ હ. પટેલે સાહિત્યના મહત્તમ સ્વરૂપોમાં કામ કર્યું છે, જેમાં તેમને વાંચતી વખતે તેમનો પ્રકૃતિપ્રેમ તરત જ નજરે ચઢે છે. પ્રાકૃતિક પરિવેશમાં ઉછેર અને ઘડતર પછી નગર અને પરદેશમાં નિવાસ તથા વિવિધ સ્થળોએ પ્રવાસના ભળવાથી તેમના પ્રકૃતિપ્રેમનું એક નવતર પરિમાણ તેમની અભિવ્યક્તિમાં મળે છે.મહદ્અંશે આ વાતને કવિતા અને નિબંધમાં વ્યક્ત થવાની તક મળે.

કવિતા અને નિબંધ- બંને સાહિત્યસ્વરૂપોમાં આત્મલક્ષિતા (Subjectivity) જોવામળે. પણ નિબંધ એ એવું સ્વરૂપ જેમાં લેખકના વ્યક્તિત્વને તેની પૂર્ણ વિવિધતામાં પ્રગટવાની તક મળે છે. પ્રસાદ બ્રહ્મભટ્ટ કહે છે તે પ્રમાણે ''નિબંધનું રસબિંદુ વિષય નહિ, પણ નિબંધકાર પોતે છે.''[1] મણિલાલ એક એવા સર્જક જેમનામાં પ્રકૃતિ અને નગર, આદિમતા અને નાગરિકતા, તળપદાપણું અને બુદ્ધિગમ્યતા, કવિતા અને વિવેચન, શિક્ષકત્વ અને શિષ્યત્વ- આ જુદા જુદા છેડાની બાબતોનું સામંજસ્ય છે. માટી, નદી અને નગરથી પોષાયેલા પોતાના સંવેદનોને તેઓ નિબંધમાં ઉત્સ્ફુર્ત (Spontaneously) રીતે ભાષામાં વહેતા મૂકી શકે છે. ''નિબંધમાં વક્રવ્યાપારની બધી કળાનો યથેચ્છ પ્રયોગ કરી શકાય છે. એવો અવકાશ બીજા કોઈપણ સાહિત્ય પ્રકારમાં શક્ય નથી. નિબંધનું સ્વરૂપ એક રીતે તંત્ર વિનાનું છે; પણ એ કારણે જ તેને ગમે તે રીતે ગમે તેટલી હદ સુધી લઈ જઈ શકાય છે.''[2] તો અહીં નોંધવાનું એ થાય છે કે આ સ્વરૂપની લવચિકતા(Flexibility)નો પૂરો લાભ નિબંધકાર મણિલાલ હ. પટેલને મળ્યો છે અને ફળ્યો પણ છે. ૧૯૮૮માં 'મુખેમુખ'થી શરૂ થયેલી તેમની નિબંધયાત્રા ૨૦૧૪માં પ્રકાશિત 'તોરણમાળા' સુધી સાતત્યપૂર્વક ચાલી છે. એટલું જ નહિ તેમાં વિકાસ સધાતો જોવા મળે છે. સિલાસ પટેલિયા કહે છે કે, ''એ સઘળાં નિબંધસંચયોથી આ ચાર પાંચ અને આ ગાળામાં લખાયેલાં બીજા બધા જ લલિતનિબંધો એકદમ અલગ તરેહના છે. સર્જક એની પરંપરાઓને અને સ્વની સર્જકતાને વળોટીને નવતર સર્જનલીલા રચે એમાં જ એનો વિકાસ હોય છે, અહીં આ પ્રવાસનિબંધોમાં અને આ ગાળાના બધા જ નિબંધોમાં એ પ્રતીત થાય છે.[3]

'ધૂળમાં ઊડતો મેવાડ'માં ત્રીસ નિબંધો સંગ્રહાયા છે. સંગ્રહનું નામ રમેશ પારેખની જાણીતી ગીતપંક્તિમાંથી લીધું છે. પંક્તિ છે, 'વેગીલી સાંઢણીઓ વહી જાશે દૂર, મૂકી ધૂળ મહીં ઊડતો મેવાડ.' આ નિબંધોને બે ખાનામાં મૂકી શકાય. અંગત નિબંધો અને પ્રવાસનિબંધો. આ બે ય સાથે મૂકાવાને કારણે વાચકને લાભ જ થયો છે. અંગત નિબંધોમાં લેખકની વાત વાંચતા વાંચતા વાચક લેખકના મનોગતમાં પ્રવેશે છે. તેમના ઘર, ગામ, ફળિયા અને ખેતરના સંસ્મરણો, તેમની વાચનયાત્રા, તેમનો પ્રવાસી સ્વભાવ, પ્રવાસ કરીને ઘરે આવ્યા પછી વિકસેલી સમજણની વાત, પ્રવાસ દરમ્યાન ઘર-સ્વજન-વતનને જોવા-સમજવાની મળતી દૃષ્ટિ-આ બધું લેખકના સંવેદનજગતને આપણી સમક્ષ મૂકે છે.

શબ્દે શબ્દે રસની માધુરી છલકાવતા સર્જકની આ નિબંધોમાં મળતી કેફિયતમાંથી તેમની સર્જકતાના સગડ મળે છે. નિબંધનું સ્વરૂપ તેમના અંતર્નિહિત અનેક આયામોની અભિવ્યક્તિને ખુલ્લું આકાશ આપે છે. કૂંપળ, ફૂલ, ફળ, વૃક્ષ, ટહુકો, પક્ષી, સીમ, વગડો, ખેતર, ટેકરી, ગામ, મલક, ઝાકળ, ઘાસ, શેઢો, પવન, વ્હેળો, ઝરણું, તળાવ, નદી, દરિયો, વન, પવન, મન, અજવાળું, અંધારું, ચંદ્ર, પૂનમ, વાદળ, આકાશ, સૂરજ- પ્રકૃતિમાં પ્રવર્તિત સુંદરતાનો ક્રમેક્રમનો બુંદબુંદ આનંદ લેનાર આ નિબંધકાર પાસે ભાવકને રસતરબોળ કરવાનો ખજાનો ભર્યો પડ્યો છે. ફિલ્મના ગીતો, કવિતાની પંક્તિઓ, શૈશવના  અનુભવો, બનેલા પ્રસંગો, વતનના સ્મરણો અને તે સાથે સંકળાયેલી પોતીકી પીડાઓ, ઋતુઓનું વૈશિષ્ટ્ય અને સ્થળગત અનુભૂતિ સાથે રસાયણ પામતી નિજી સંવેદના અને તેને અનુરૂપ ભાષાના પોતના તાણાવાણા વડે રચાયેલા આ નિબંધોમાંથી પસાર થતો ભાવક સંવેદનસૌરભને પામી રહે છે.

આ નિબંધોમાં પ્રસન્નતા પણ છે અને ઘુંટાયેલી ઉદાસી પણ છે. તેમાં રોમાંચ પણ છે અને મળેલા અભાવોની રીસ પણ છે. અહીં વેદના છે, સંવેદના છે અને નિર્વેદનો ભાવ પણ છે. પાંદડે પાંદડે ઉત્સવ માણનાર

આ નિબંધકાર સ્વ-ભાવની તપાસ કરતા નિબંધ આપે છે, 'હું પ્રવાસ કેમ કરું છું.' હું કેમ વાંચું છું..!' 'બસ, ટહુકા સાંભળું છું,' 'ચકલી' તો મારી લાગણીનું નામ છે. તેઓ કહે છે, 'પૃથ્વી પોતે જ 'પ્રવાસી' નથી શું?!... ઇડરના ડુંગરા અને પોળોનાં જંગલો; ગ્રાન્ડ કેનિયનનાં ભવ્યાતિભવ્ય કરાડ-કોતરો ને લોસએન્જેલિસનો પેસિફિક મહાસાગર; હિમાલય ને આબુ, મારાં ખેતરો ને એકલવાયી ટેકરીઓ, વાડ પરના વેલા અને ભેખડો પર પડું પડું ઊભેલાં ઝાડવાં- બધું જ; હા, બધાં જ સાદ કરે છે.''[૪] અહીં જુઓ કે નિબંધકારને મન કોઇ સ્થળ ભેદ નથી કે સ્થળ વિશે ઉચ્ચાવચ્ચતાનો કોઇ ખ્યાલ નથી. મુખ્ય વાત તો છે આનંદની આ શુદ્ધ આનંદની પ્રાપ્તિ માટે સ્થળ તો catalyctic agent છે. સ્થળને કારણે ઉદભવતા પણ સ્થળથી પર એવાસુખની અભિવ્યક્તિ અહીં વિવિધરૂપે થઇ છે, જે સર્જકની સાથે ભાવકની પણ ઉપલબ્ધિ બની રહે છે.

'સુખને સરનામું નથી હોતું'માં તેઓ લખે છે, ''અપ્રાપ્તિ, હતાશા, એકલતા, ઉદાસી. બધું કશીક માધુરીરૂપે અનુભવાય છે. અપ્રાપ્તિ, હતાશા, એકલતા, ઉદાસી, વિરતિનો આ ધૂંધળો પ્રદેશ મનને એક વિશેષ અનુભવની સ્થિતિમાં મૂકતો હોય છે. વેઠ્યાની વિશિષ્ટ અનુભૂતિ જે આનંદ અથવા શાણપણ જન્માવે છે તેનું નામ સુખ છે... દુઃખોથી આરક્ષિત વેદનાજન્ય માધુરી તે જ મારું સુખ છે. દુઃખની વાડ વિના સુખ સલામત નથી હોતું.''[૫]

પ્રવાસનિબંધોમાં પાવાગઢ, અર્બુદગિરિ, માંડવગઢ, અરવલ્લીની ઘાટીઓ, જેસલમેર, મેવાડ અને કોણાર્કની પ્રવાસાનુભૂતિ છે. પાવાગઢની સાથે તેમનું તાદાત્મ્ય ઉદાસીના ભાવથી છે. કાળની કથા અને ઇતિહાસના જખમ સાચવીને બેઠેલા પાવાગઢ સાથેની નિત્યની પ્રીતિ તેમને ભીંજવતી રહે છે. પાવાગઢની કૂખમાં આવેલું માંચી ગામ, ખીણમાં પડતી વિશ્વામિત્રીની સજલ ધારા, ખીણનું ભયાવહ સૌંદર્ય, કંદરાની ધાર પર ખંડેર હાલતમાં ઊભેલો સાત મજલી મહેલ અને રાણી ચંપાવતીના સંદર્ભો નિબંધકારના ચિત્તને ત્યાં ફૂંકાતા સૂસવાટા ભર્યા પવનની સંગાથે વિષાદથી ભરી દે છે. સિલાસ પટેલિયાએ આ નિબંધોમાં થતા ઇતિહાસબોધની વાત કરી છે તે આ. દરેક સ્થળ પોતાના ભૂતકાળને ભંડારીને બેઠેલું હોય છે. કોઇક સજ્જ પ્રવાસી જ તેને તેની અખિલાઇમાં સંવેદતો હોય છે.

અજંટાની ગુફાઓના શિલ્પ અને તેની કથાઓ અને ચિત્રોમાં જામેલા કળાઓના મેળાથી નિબંધકાર સભરતાનો અનુભવ કરે છે; પણ તે જોતાં જોતાં ત્યાં ઊભેલા ઝાડવા તરફ તેમનું ધ્યાન જતું રહે છે. અને તેઓ વચ્ચે જ કહી ઊઠે છે,''ચિત્રકારની જેમ 'ઝાડ' જોતાં શીખવું પડે''[૬] ઝાડને સ્થાપત્યરૂપે જોવાનો વિચાર તેમને આવે છે, આમ,'ધ લેડી ઓવ ધ ફોરેસ્ટ'નિબંધમાં શિલ્પ અને વૃક્ષ Juxtapose થાય છે.

ધરમપુર 'વિલ્સન હીલ'જતાં જતાં ગામોના નામ વિશે તેઓ અચરજ અનુભવે છે અને સાથીમિત્ર પાસેથી 'પંગારબારી'નો અર્થ જાણે છે. પંગારના વૃક્ષ વિશે રસપૂર્વક જાણતા નિબંધકાર કોક ભવે આ ગામમાં જન્મ લેવાનો મનસૂબો કરે છે.

ઉત્કલ પ્રદેશ (હાલનું ઓરિસ્સા)ના કોણાર્કના સૂર્યમંદિરની બાહ્ય રચનાનું ઝીણું વર્ણન, ઓરિસ્સાના મંદિરોની સંરચના અને શિલ્પોના શૃંગારરસની કળાનું આભિજાત્ય તેમને આકર્ષે છે. શિલ્પ-સ્થાપત્ય-ઇતિહાસથી જ્ઞાત લેખક 'આભલે ઊડ્યા કરું'માં નિખાલસ થઇને પોતાના પહેલા વિમાનપ્રવાસને વર્ણવે છે. આ નિબંધોની વાતચીતની શૈલી (Conversational Style) ભાવકનો હાથ સાહી લે છે. પોતાની વાતમાં વાચકને સામેલ કરતો નિબંધકાર વાચકને પોતીકો જ લાગવાનો.

આ નિબંધસંગ્રહના પ્રવાસનિબંધોમાં શિરમોર છે રાજસ્થાન-મેવાડ અને માંડવગઢ વિશેના નિબંધો. દિવાળી પછીના કારતકના કોડીલા દિવસોમાં દક્ષિણી રજસ્થાનનો ભૂખરો પહાડી ઇલાકો વનરાજીથી લીલો, પીળો લહેરાતો ઊભો છે. આ ટેકરીઓ, ઘાસ, કામ કરતા મજૂરો, પુરાતન મહેલો, કોટકાંગરા ને બૂરજોને અશેષપણે માણતા નિબંધકાર રખડુના કેફમાં કહી ઊઠે છે, ''મને આ પૃથ્વીની ભારે માયા લાગી છે...... સકળ ભોમ ભમી વળવા જીવ ચાહે છે... બસ હવે કશું જ કરવું નથી. આ પ્રકૃતિ સાથે પ્રકૃતિમય અશેષ થઇ જવું છે.''[૭]

'માંડવગઢ ક્યાં છે?'માં 'રાની રૂપમતી' ફિલ્મના ગીત 'આ લૌટકે આજા મેરે મીત'થી વાતની શરૂઆત થાય છે. એક તરફ માંડવગઢની ભૂગોળ, બીજી તરફ આ રજવાડી મલકનો ઇતિહાસ અને સમાંતરે ચાલતા નિબંધકારના સંવેદનો આ ત્રિપાર્થી તરાહ વાચકને તે સ્થળ પર હોવાની અનુભૂતિ કરાવે છે. રાણી રૂપમતીના એકલવાયા મહેલ પર વરસતા પ્રકૃતિના રંગો અને રાણી રૂપમતી સાથે બાઝ બહાદુરની પ્રેમકહાનીને અંતે રાની રૂપમતીનો પ્રાણત્યાગ લેખકને વિક્ષુબ્ધ કરી

દે છે અને સ્ત્રીઓની કઠોર નિયતિનો નિર્દેશ કરે છે.

'નહીં ભૂલાતું જેસલમેર' નિબંધમાં રેતીની જાત જાતની ભાત સાથે એકાકાર થઇ જતા નિબંધકાર લખે છે, ''મને તો આવા મલકનું અખૂટ આકર્ષણ રહ્યું છે. આપણી ભીતરનો અવસાદ જાણે કે આંખ સામેના આખાય મલક માથે પટકાઇને પડ્યો છે... ભીતર-બહિર બંને એકાકાર! બધું પામું છું અને વધુ ને વધુ 'મૂંગોમંતર' થતો જાઉ છું.''[૮]

જેસલમેર વિશેની કવિ ગુલામમોહમ્મદ શેખની કવિતાના અંશને ટાંકતા નિબંધકાર રાજસ્થાનના રંગો અને ગીતોનો લય ઝીલે છે. ત્યાંની ખૂબસૂરત જાળીવાળી હવેલી અને તેના ઝરુખા તેમને ઘણીવાર સુધી રોકી રાખે છે. જેસલમેરની ગુલાબી સાંજ, હવામાં ફોરતી સુગંધ, પવનો દ્વારા રચાતી જળલહેરની ભાત, ઊંટોના પાછા વળવાની વેળાની યાદ, અંધારાની વણઝાર અને આકાશમાં બીજ-ત્રીજના ચન્દ્ર સાથે એકાકાર થતી તન્દ્રા-ઊંઘની સાથે નિબંધકારના શબ્દો વિરામ લે છે.

આ નિબંધસંગ્રહનું અન્ય આકર્ષક પાસું તે તેનું મુખપૃષ્ઠ. ચિત્રકાર કનુ પટેલે મેવાડનો ભૂખરો પરિસર કોલાજ દ્વારા સુંદર રીતે ઉપસાવ્યો છે. અન્ય રેખાંકનો પણ નિબંધને ઓપ આપે છે. આ નિબંધસંગ્રહ દ્વારા ગુજરાતી નિબંધસાહિત્યમાં મહત્ત્વનું ઉમેરણ થયું છે. અને એ પુસ્તક માટે આપણા આ પ્રતિભાશાળી સર્જકને 'નર્મદ ચંદ્રક' એનાયત થાય છે તેનો આનંદ છે. અભિનંદન અને વંદન સાથે વિરમું છું.

**સંદર્ભઃ-**


૧. 'બાર સાહિત્ય સ્વરૂપો' (વિવેચન લેખો) લે. પ્રસાદ બ્રહ્મભટ્ટ, પાર્શ્વ પબ્લિકેશન, દ્વિતીય સંવર્ધિત આવૃત્તિ,૨૦૦૧, પૃ.૯૯.

૨. એજન, પૃ.૯૮.

૩. 'ધૂળમાં ઊડતો મેવાડ' (નિબંધ સંગ્રહ) લે. મણિલાલ હ. પટેલ, પ્ર. લજ્જા પબ્લિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર, પૃ. ૧૮૬.

૪. એજન, પૃ.૩૩

૫. એજન, પૃ. ૧૩૪-૩૫.

૬. એજન, પૃ. ૮૩

૭. એજન, પૃ.૬૭

૮. એજન, પૃ. ૬૯



(સ્નેહલ, પ્રજાપતિ વાડી સામે, ગાંધી રોડ, બારડોલી, જિ. સુરત
(મો. ૯૮૨૫૩૩૭૭૧૪)


**॥ વિદ્યાવૃત્ત ॥**

**ગો.જો. શારદા મંદિર હાઈસ્કૂલનું ગૌરવ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદા મંદિરમાં ધો-૧૦માં અભ્યાસ કરતી પ્રજ્ઞાચક્ષુ ક્રિષ્ણા જોશીના પ્રોજેક્ટને મહારાષ્ટ્રમાં નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કૉંગ્રેસ દ્વારા આયોજિત સ્પર્ધામાં રજૂ કરાયેલા ૬૫૪ પ્રોજેક્ટ પૈકી પ્રથમ ૩૦માં સ્થાન મળ્યું હતું. જેમાં આંખોની દૃષ્ટિ ના હોવા છતાં તેણે પીપીટી સાથે પ્રોજેક્ટ રજૂ કર્યો હતો.

નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કૉંગ્રેસનો આ વર્ષનો વિષય ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન, ટેક્નોલોજી અને નવીનીકરણ રાખવામાં આવ્યો હતો. દર વર્ષે બાળવિજ્ઞાનીઓ માટે વૈજ્ઞાનિક શોધ અને સંશોધનપત્રોની સ્પર્ધા જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ યોજવામાં આવે છે. જેમાં રાષ્ટ્રકક્ષાએ પહોંચનાર પ્રજ્ઞાચક્ષુ ક્રિષ્ણા જોશીએ જણાવ્યું હતું કે આચાર્યા રીટાબેન પટેલના માર્ગદર્શન હેઠળ હની ભટ્ટ, શ્રુતિ પટેલ, માનસી માછી અને ક્રિષ્ણા ડોડિયાના સહયોગથી અમે પ્રજ્ઞાચક્ષુઓ માટે સુલભ અને સરળ ટેક્નોલોજીનો ઉપયોગ (કમ્પ્યુટર અને મોબાઇલ) વિષય પર અભ્યાસ કર્યો હતો. જેમાં અમે સૌ પ્રથમ પ્રશ્નાવલિના માધ્યમથી એકત્ર કરેલી માહિતીનું અર્થઘટન અને સંખ્યાકીય વિશ્લેષણ કર્યું હતું. પ્રજ્ઞાચક્ષુઓ માટે ટેક્નોલોજીના ઉપયોગમાં તાલીમનો અભાવ સૌથી મોટી સમસ્યા છે.

આ ઉપરાંત વિવિધ પ્રોગ્રામ, એપ, સોફ્ટવેરનો ઉપયોગ કરવા છતાં રંગ અને ઈમેજની ઓળખમાં મુશ્કેલી પડતી હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ પ્રજ્ઞાચક્ષુઓએ સ્વાઈપ મશીન અને બારકોડ ટોકિંગ હોવા સાથે ઓનલાઇન એપ્લીકેશન કોઈપણ વ્યક્તિની મદદ વિના જાતે કરી શકે તેવા સોફ્ટવેરની શોધ કરવામાં આવે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

પ્રજ્ઞાચક્ષુ ક્રિષ્ણા જોશીએ શાળાનું નામ રાષ્ટ્રકક્ષાએ રોશન કરવા બદલ ચારુતર વિદ્યામંડળના ચેરમેન ડૉ.સી.એલ. પટેલ સાહેબ તથા ચારુતર વિદ્યામંડળના માનાર્હ મંત્રીશ્રી ડૉ.એસ.જી. પટેલ સાહેબે ક્રિષ્ણા જોશીને અભિનંદન આપ્યા હતા અને ભવિષ્યની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી.

**॥ અભ્યાસ ॥**

**શ્રીમદ્ભગવદ્ગીતા**

**ઘનશ્યામસિંહ એન. ગઢવી**

(મા.ડૉ.સી.એલ. પટેલ સાહેબ ચેરમેન શ્રી ચારુતર વિદ્યામંડળ એક આદર્શ શિક્ષણ મહર્ષિ દીર્ઘદૃષ્ટા એવા આ મહાપુરુષે મેં જ્યારે તા. ૮-૧૨-૨૦૧૬ને ગુરુવારના રોજ નલિની-અરવિંદ આટ્ર્સ કૉલેજના આચાર્યપદનો કાર્યભાર સંભાળ્યો અને મા. સાહેબશ્રી ડૉ. સી.એલ. પટેલ સાહેબને મળ્યો,ત્યારે તેઓશ્રીએ કહ્યું કે, ''ભાઇ ઘનશ્યામ ગઢવી 'વિ-વિદ્યાનગર'માં દર મહિને ગીતા ઉપર એક અભ્યાસ લેખ લખો, આ તમારું ધર્મકાર્ય હું સૂચિત કરી રહ્યો છું, ગીતાનો વિચાર આમ લોકો સુધી પહોંચે તે માટે સુલભ-સરળ-ભાવાનુવાદ સાથે ૧૮ અધ્યાયનું નિયમિત 'વિ-વિદ્યાનગર'માં છપાય તેવું મારું સૂચન છે.'' મા.સાહેબની આ વાત હૃદયે કરી આ જ મહિનાથી હું આ લેખ લખવા પ્રેરાયો છું. અને બને તેટલા સહજ સ્વરુપમાં લિખિત ગીતાના ૧૮ અધ્યાયને વિવેચનાત્મક રીતે વર્ણવવાનો વિનમ્ર પ્રયાસ છે. મા.ડૉ.સી.એલ. પટેલ સાહેબને વંદન કરી આ લેખની શરૂઆત કરું છું. આભાર...)

''ગીતા આચાર-વિચાર-કર્મ-જ્ઞાન-અને ભક્તિનું જીવંત બળ છે, એની અસરનો અનુભવ તત્કાળ થાય છે. ભારતીય ધર્મક્ષેત્રનું પરિપક્વ ફળ-એટલે શ્રીમદ્ ભગવદ્ગીતા.''

ડૉ. રાધાકૃષ્ણને કહ્યું છે કે, ''માનવમન પર કોઇ ગ્રંથ કેટલી પકડ ધરાવે છે એ જ જો એની મહત્તાનો માપદંડ હોય તો ગીતા ભારતીય વિચાર પરંપરાનું સૌથી વધુ અસરકારક સર્જન છે. કારણ તે સ્વયં ભગવાનના શ્રીમુખેથી ઉદ્ધૃત થયેલ છે.

આધ્યાત્મિક -આધિભૌતિક તથા આધિદૈવિક એમ ત્રિતાપથી માણસ તેના વ્યવહારિક જીવનમાં હંમેશાં પીડાતો નજરે પડે છે. આ સંતાપોમાંથી તેને મુક્તિ મેળવવી હોય છે. ભગવદ્ગીતાનો ઉદ્દેશ માનવજાતને સંસારના અજ્ઞાનમાંથી મુક્ત કરવાનો છે. આ સંસારને લીધે એકલો અર્જુન જ નહીં આપણે બધાં જ ચિંતાગ્રસ્ત છીએ.

પરબ્રહ્મના સ્વરૂપ વિશે કે મનુષ્ય જીવનના અંતિમ લક્ષ્ય વિશે જ્યાં સુધી મનુષ્યને પ્રશ્ન થાય નહિ ત્યાં સુધી તેની પ્રત્યેક પ્રવૃત્તિ સરિયામ નિષ્ફળ છે. માનવજાત જ્યારે જીવનનું લક્ષ્ય વિસરી જાય છે ત્યારે અવતારનો આવિષ્કાર થાય છે. વિશ્વના ઘટનાચક્રનો ચાલક પરમેશ્વર છે, ભૌતિક પ્રકૃતિને શ્રીકૃષ્ણે પોતાની અપરાપ્રકૃતિ અને જીવને પરાપ્રકૃતિ કહી પોતાના અંશરૂપ અને સનાતન કહ્યા છે. મહાત્મા ગાંધીજીના શબ્દોમાં ગીતાનો અનાસક્તિયોગ પૂર્ણપ્રકાશ પાથરનારો છે.

'ગીતા' શબ્દનો અર્થ ''ગાવામાં આવેલી'' એવો થાય છે. અને ભગવદ્ગીતા એટલે જે ભગવાન વડે ગવાયેલી છે એવો થાય છે. શ્રીમત્ અર્થાત્ સર્વ શોભાસંપન્ન છે અને જેનામાં પૂર્ણ ઐશ્વર્ય ધર્મ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ નિત્ય વિદ્યમાન રહે છે, એવા શ્રીના મુખેથી નીકળી હોવાને કારણે એ શ્રીમતા ભગવતા ગીતા કહેવાય છે. ગીતા ઉપનિષદ્ છે, યોગશાસ્ત્ર છે, બ્રહ્મવિદ્યા છે. ગીતામાં કર્મયોગ-જ્ઞાનયોગ-ધ્યાનયોગ-ભક્તિયોગ વગેરે યોગ સાધનાનું શિક્ષણ આપવામાં આવ્યું છે. જેથી સાધકને પરમાત્માની સાથેના નિત્ય સંબંધનો અનુભવ થઇ જાય, એટલા માટે એને 'યોગશાસ્ત્ર' પણ કહેવામાં આવે છે.

શ્રી તિલક કહે છે. બ્રહ્મવિદ્યા એટલે બ્રહ્મજ્ઞાન. તે પ્રાપ્ત થયા પછી જ્ઞાની પુરુષને બે નિષ્ઠા અથવા માર્ગ ખુલ્લા થાય છે. એક સાંખ્ય અથવા સંન્યાસ માર્ગઃ એટલે જ્ઞાન થયા પછી જગતમાં કરવાનાં સર્વ કર્મ છોડીને વિરક્ત સરખા રહેવું તે, અને બીજો યોગ કર્મયોગ એટલે કર્મ ન છોડતાં તેને એવી યુક્તિથી કર્મ હંમેશાં કરવા કે જેને કરવાથી મોક્ષની પ્રાપ્તિમાં કોઇ હરકત ન આવે, આ બે માર્ગો પૈકી પહેલા માર્ગનું જ્ઞાન નિષ્ઠા એવું બીજું નામ છે અને તેનું વિવેચન ઋષિઓએ કરેલું જોવા મળે છે.

સત્યને જાણવું એક વાત છે અને જાણીને પામવું એ બીજી વાત છે, એક બ્રહ્મ વિદ્યા છે અને બીજું યોગ શાસ્ત્ર છે. ગીતા માત્ર બ્રહ્મવિદ્યા ન બની રહેતાં યોગશાસ્ત્ર પણ બને છે. યોગશાસ્ત્ર એટલે સિદ્ધાંતને વ્યવહારમાં અપનાવો તે. આ બન્ને પરસ્પરપૂરક છે. બન્ને મળે ત્યારે જ સંપૂર્ણ જીવન શાસ્ત્ર બને છે. ગીતા બ્રહ્મવિદ્યાને યોગાનુકૂળ બનાવે છે. આથી જ માત્ર જ્ઞાન નહિ, પરન્તુ કર્મ અને ભક્તિ પણ ગીતાના આચારધર્મમાં સમાવેશ પામે છે.

શ્રીમદ્ભગવદ્ગીતા સાક્ષાત્ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ અને ભક્તોમાં મુખ્ય એવા અર્જુનનો સંવાદ છે. અર્જુને નિઃસંકોચ ભાવથી પ્રશ્નો પૂછ્યા છે અને સ્વયં ભગવાન સ્વ મુખે ઉદારતા પૂર્વક જવાબો આપે છે. આ બન્નેના ભાવો એમાં છે. આ કારણથી ''શ્રીકૃષ્ણાર્જુન સંવાદ'' એમ બેલાય છે.

ગીતાનો રચનાકાળ ઇ.સ. પૂર્વે પાંચમી સદીનો ઠરાવે છે.

પોતાના રચનાકાળથી જ ગીતાગ્રંથની મહત્તા અને લોકપ્રિયતા અધિક હોવાથી ભારતીય દાર્શનિક

પરંપરા, સંસ્કૃતિ અને ધર્મમાં તેનું વિશિષ્ટ સ્થાન છે. શ્રીમદ્‌ગીતા પ્રત્યેક સંપ્રદાયનું સમર્થન કરનારી છે.

આદ્યગુરુ શંકરાચાર્યના મતે બ્રહ્માત્મૈક્યનું જ્ઞાન પ્રાપ્ત કરીને જે યોગ્યતા સંપાદન કરવાની છે તેને માટે સ્મૃતિગ્રંથોમાં વર્ણવેલા ગૃહસ્થાશ્રમનાં કર્મો કરવાં જોઇએ, પણ પછી તે કર્મ સદાય કરવાનાં નથી, કારણ કે સર્વ કર્મ છોડી દઇ સંન્યાસ લીધા વિના મોક્ષની પ્રાપ્તિ થઇ શકે તેમ નથી. તેમના મતે કર્મ અને જ્ઞાન એ અંધકાર અને ઉજાસની જેમ પરસ્પર વિરોધી હોવાથી સર્વ વાસના અને કર્મ છૂટ્યા સિવાય બ્રહ્મજ્ઞાનની પૂર્ણતા થતી નથી.

કર્મ એ જ્ઞાન પ્રાપ્તિનું સાધન છે. અને સર્વ કર્મ સંન્યાસ પૂર્વક જ્ઞાનથી જ મોક્ષ મળે છે.

શ્રી રામાનુજાચાર્યે વિશિષ્ટાદ્વૈત સંપ્રદાય પ્રવૃત્ત કરી તેમણે પણ પ્રસ્થાનત્રયી પર સ્વતંત્ર ભાષ્યો લખ્યા તેમણે ગીતામાં જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણેનું જોકે વર્ણન છે તો પણ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ વિશિષ્ટાદ્વૈત અને આચરણ દૃષ્ટિએ વાસુદેવ ભક્તિ એ જ ગીતાનો સાર છે અને કર્મનિષ્ઠા એ જ્ઞાનનું મૂળ છે, સ્વતંત્ર નથી. એવો મત રજૂ કર્યો છે.

મધ્વાચાર્યે જણાવ્યું છે કે ગીતામાં નિષ્કામ કર્મની મહત્તા વર્ણવાયી છે. પણ નિષ્કામ કર્મ સાધન રૂપ છે અને ભક્તિ એ છેવટની નિષ્ઠા છે. ભક્તિ સિદ્ધ થયા પછી કર્મ કર્યા ન કર્યા એમાં કોઇ વિશેષ નથી.

પુષ્ટિમાર્ગ પ્રણેતા વલ્લભાચાર્ય જણાવે છે સાંખ્ય જ્ઞાન અને કર્મયોગ એ બેનો અર્જુનને પ્રથમ ઉપદેશ કરીને આખરે ભક્તિરૂપી અમૃત પાઇને ભગવાને અર્જુનને કૃતકૃત્ય કર્યો. તે જોતાં ભક્તિ અને તે પણ ઘર, દ્વાર વગેરે છોડી દઇ કેવળ નિવૃત્તિ પરાયણ ભક્તિ એ જ ગીતાનું તાત્પર્ય છે તેમ દર્શાવ્યું છે.

નિમ્બાર્ક પણ ભક્તિયોગમાં જ ગીતાનું મહત્ત્વ છે તેમ જણાવે છે.

મધુસૂદન સરસ્વતી જેવા ગીતાના પરમ ચાહક આલોચક ભક્તિતત્ત્વની વિચારણાની સાથોસાથ જ્ઞાન, કર્મ અને ભક્તિ-તત્ત્વને વિચારે છે.

શ્રી તિલક અનુસાર ગીતા કર્મયોગની પ્રેરણા આપનારો ગ્રંથ છે. ગીતામાં કહ્યું છે. ''કર્મમાં જ તારો અધિકાર છે, ફળમાં કદાપિ નહિ, તું કર્મફળના હેતુવાળો ન થા.તેમજ કર્મ ન કરવામાં તારી પ્રીતિ ન થાઓ.'' તિલકના મતાનુસાર ગીતા માત્ર મોક્ષશાસ્ત્ર જ નહિ, પરન્તુ કર્તવ્યનો વિચાર કરનાર નીતિશાસ્ત્ર પણ છે.

શ્રી અરવિંદ ઘોષ- પોતાના ગીતા નિબંધોમાં જણાવે છે કે, ''ગીતાનો અભ્યાસ કરવામાં આપણો હેતુ કેવળ પાંડિત્ય વડે કે શબ્દાર્થ અને તાર્કિક ઝીણવટ વડે એના વિચારને જાણવાનો નથી'' શ્રી અરવિંદની દૃષ્ટિએ ગીતામાં ગુરુનું દિવ્ય વ્યક્તિત્વ, શિષ્ય સાથેનો તેનો વિશિષ્ટ સંબંધ અને ઉપદેશનો પ્રસંગ એ ત્રણ બાબતો ઘણી જ અર્થસૂચક અને મહત્ત્વની છે.

મહાત્મા ગાંધીજીએ ગીતામાં અનાસક્તિ યોગના ઉપદેશને મહત્ત્વનો ગણ્યો છે. તેમના મતે મહાભારતના પાત્રો રૂપકાત્મક છે. પાંડવો પ્રકાશના પ્રતીકો છે, કૌરવો અંધકારના પ્રતીક છે. અને કુરુક્ષેત્ર એ માનવ શરીર છે. અર્જુન માણસનો અહંકાર અને કૃષ્ણ એ માણસનો અંતરાત્મા છે.

આમ વિવિધ વિદ્વાનો તદ્‌ઉપરાંત વિનોબાજી તથા આચાર્ય રજનીશ, જે. કૃષ્ણમૂર્તિ જેવાઓએ ગીતાના અનન્ય અર્થો કર્યા છે. આપણે ૧૮ અધ્યાયોને જુદી જુદી રીતે વિચારી શકીએ.

છેલ્લે સર્વથા આ વિશ્વના ઘટનાચક્રને શ્રીકૃષ્ણને સમર્પિત કરી જીવવાની કળા ગીતા શીખવાડે છે અને કોક જાગરુક વિરલો જ એને પામે છે, અન્તે તો શ્રીકૃષ્ણ પણ અર્જુનને કહે છે, 'યથેચ્છસિ તથા કુરુ' તારી જેમ ઇચ્છા હોય તેમ કરે. તેથી પ્રેરક વિચારો માટે યોગ્ય અધિકારીતા પ્રાપ્ત કરવી અગત્યની છે.

**સંદર્ભગ્રંથોઃ-**


૧. Indian Philosophy-vol-1-G.Allen & Unin ltd. London-1951-p.519.

૨. તિલક-ગીતા રહસ્ય

૩. તિલક-ગીતા રહસ્ય-પૃ. ૫૬૨-૫૭૩ના આધારે

૪. શ્રીમદ્ ભગવદ્‌ગીતા- સરસ્વતી પુસ્તક ભંડાર- અમદાવાદના આધારે.


(આવતા અંકે અધ્યાય-૧, 'વિષાદયોગ' વિશે અભ્યાસ કરીશું.) આભાર...


(આચાર્ય, નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ
આર્ટ્સ કૉલેજ, વિદ્યાનગર)


> તમને જરુર હોય એવી બધી શક્તિ, બધી સહાય તમારી અંદર જ છે. તેથી તમારું ભવિષ્ય તમે જ સર્જો.
>
> **- સ્વામી વિવેકાનંદ**

॥ વાર્તા ॥

## ઍપિટાફ

**અજય ઓઝા**

'ગુડ મોર્નિંગ અંકલ'. સાયકલ પર ગાર્ડનની સેર કરવા નીકળેલા અંકલને મેં સવારે દૂરથી જ હાથ ઊંચો કરતાં કહેલું ત્યારે એટલા જ બેવડા ઉત્સાહથી અંકલે એક હાથે સાયકલ ચલાવતાં બીજો હાથ હલાવી વળતું મને કહેલું, 'વેરી ગુડ મોર્નિંગ બેટા'.

ને અત્યારે ? થોડા જ સમયમાં આજનું આ મોર્નિંગ ગુડ ને બદલે બૅડ બની ગયું જાણે! કોઇ માણસ, હરતાં-ફરતાં સાયકલ પર ટહેલતાં, આમ આ રીતે આટલો અચાનક બેહોશ થઇને પડી જાય? એ કેમ બને? માની જ ન શકાય... પણ અંકલ એમ જ અચાનક બેહોશ થઇને પડી ગયા. એ વખતે ત્યાં નજરે જોનાર મારા સિવાય કોઇ હાજર નહિ. હું તરત જ એમની સારવાર માટે દોડ્યો.

જેમતેમ સહારો આપી એમને એમના રૂમમાં લઇ આવ્યો, પાણી પાયું બૅડ પર સુવરાવ્યા. એ હમણાં જ સ્વસ્થ થઇ જશે એમ લાગતું હતું.

હંમેશાં તો નહિ પણ જીવનના નાના-મોટા દરેક પડાવ પર જરા અટકીને, પોતે અનુભવેલું મીઠું સંવેદન પોતાની ડાયરીમાં નોંધવાની અંકલને જૂની આદત હતી. મને એ વાત બહુ સમયસર યાદ આવી ગઇ. ઘરમાં અત્યારે કોઇ હાજર નહોતું ને અંકલ મારા ભરોસે હતા.

સવારે અંકલના પરિવારના સભ્યો બધા બહાર ગયા ત્યારે કોઇને અંદાજ પણ નહોતો કે એમના ગયા પછી અંકલની તબિયત આમ અચાનક ખરાબ થઇ જશે. મેં ફોન કર્યો તોય એ લોકો મારી વાતને ક્યાંય સુધી સાચી માની શક્યા જ નહિ. બલ્કે એ લોકો તો સવારે અંકલને પણ વૉટરપાર્ક સાથે લઇ જવાના મૂડમાં હતા. પણ કોઇનાયે આગ્રહને વશ થયા વગર અંકલ અટલ રહ્યા, જો કે સારું થયું ન ગયા. ત્યાં ગયા પછી તબિયત બગડી હોત તો! એ બધાની મુશ્કેલીમાં પણ વધારો જ થાત ને!

અંકલ તો હંમેશાં હેલ્ધી અને હેપ્પી જ રહ્યા છે. મેં એમના તંદુરસ્ત જીવનને બહુ નજીકથી જોયું છે. સમજણો થયો ત્યારથી એમની લાઇફ સ્ટાઇલનો હું આશિક રહ્યો છું. તદ્દન અલગારી અને ખુશનુમા સ્વભાવ એમની પહેલી ખાસિયત. મને તો જીવનને જોવા સમજવાની દૃષ્ટિ પણ એમની પાસેથી જ મળી.

સવારે બધા લોકો ગયા પછી તો સાઇકલ પર ગાર્ડનમાં ચક્કર પણ લગાવવા જતા મેં જોયા હતા. એ પહેલાં ટેરેસ પર કૉફી મગ લઇ ટહેલતા પણ જોયા. ખુદ મારા યુવા મનમાં પણ એમની આ ઢળતી ઉંમરે જળવાઇ રહેલી તંદુરસ્તી એક રસ અને આશ્ચર્યનો વિષય બન્યા જ કરે. એટલે કોઇને કે મને એવી કલ્પના પણ કેમ આવે કે આમ અચાનક જ અંકલને બધાની નજર લાગી જશે!

હું નાનપણથી અંકલની નજર સામે, કહો કે એમના ખોળામાં જ મોટો થયો છું. સમજણો થતો ગયો તેમ તેમ એમની જિંદગીને પણ હું જોતો રહ્યો છું. હંમેશાં પ્રસન્ન મિજાજ અને રમિતયાળ સ્વભાવથી રંગીન રહેતી એમની જિંદગી નજીકથી જોવી મને ગમે. એમના જીવનના એક એક પ્રસંગ મને ખબર. મારાથી વધુ એમને કોઇ ન ઓળખી શકે, હું જ એમની ક્ષણે-ક્ષણનો સાક્ષી!

અંકલનું જીવન એટલે આનંદનો દરિયો. એમની ડાયરીના પાને-પાના તમે ફેંદી વળો તોયે ક્યાંય વેદનાનું નામોનિશાન મળે જ નહિ. હા, હું એમની ડાયરી જોઇ શકતો. મને એકને જ આ છૂટ હતી. આ છૂટ મળવાનું એક નાનકડું નિમિત્ત હતું, એ દિવસોમાં એમના હાથમાં થયેલ સાધારણ ફ્રેક્ચરને કારણે થોડા દિવસ એ લખી શકે એમ નહોતા. પણ અંકલ જેનું નામ, લખ્યા વગર તો ચાલે નહિ. તો મને બોલાવીને ડાયરી સોંપી કહે, 'આજથી આ ડાયરી લખવાનું કામ હું તને સોપું છું.'

બસ એ દિવસથી અંકલની ડાયરી હું જ લખું છું, એમનો હાથ સારો થઇ ગયા પછી પણ! હું એમનો ત્રીજો હાથ! એટલે એમની ક્ષણે-ક્ષણ મને ખબર હોય. એમને જીવનના આનંદને માણતા જોઇ ને હું પણ ખુશ રહેતા શીખ્યો છું. જીવનમાં રહેલી ખુશીઓને પકડવાની કલા મને અંકલ પાસેથી આ રીતે શીખવા મળી.

એમની જેમ એમની ડાયરી પણ ઊર્જાથી છલકાય. એક કબાટ તો આવી ડાયરીઓથી જ ભરેલો રહે. અત્યારે એમની આ રીતે અચાનક તબિયત બગડી છે ત્યારે મને એમની ડાયરીની વાતો જ કેમ યાદ આવ્યા કરે છે એ સમજાતું નથી. એમના જીવનના દરેક પગથિયા મારી સામે ખૂલતા જાય છે ને હું એ પગથિયા પર ઉપર ને ઉપર જતો જાઉં છું.

બાળપણની રમતો, યુવાનીના ઉમંગો, દાંપત્યજીવનની ખુશીઓ અને ઢળતી ઉંમરના રંગો ડાયરીના પાને પાને નીતરતા જોવા મળે. દરેક ક્ષણની ખુશીને અંકલે માણી છે એમ કહેવાને બદલે એમ કહેવું જોઇએ કે જીવનની દરેક ક્ષણને એમણે ખુશીઓથી ભરી દીધી છે.

થોડી થોડી વારે તેઓ અજાગૃત અવસ્થામાં કશુંક બોલતા હતા, જેમાંનું અરધું પરધું હું સમજી શકતો હતો.

વૉટરપાર્કથી પરિવારના લોકોને પાછા ફરતાં વાર તો લાગવાની જ. મેં ઍમ્બ્યુલન્સને ફોન તો તરત જ કર્યો પણ અમારી આ સોસાયટી શહેરથી ખાસ્સી દૂર એટલે તેને આવતાં પણ અર્ધો કલાક થવાની સંભાવના તો ખરી જ. અંકલ માટે કંઇ પણ કરી શકવાની આ ૩૦ મિનિટ મારી પાસે હતી. હું વિચારતો હતો કે અત્યારે અંકલ શું ઇચ્છતા હશે?

પાણી પાઇને એમને પથારી પર હળવેથી સુવરાવ્યા. થોડા સ્વસ્થ થતા જણાયા. એ થોડું બોલવાની કોશિશ કરતા હતા ને એમાંથી મને થોડું સમજી શકાતું. મેં એમને જ પૂછવાનું વિચાર્યું, 'અંકલ, શું કહેવું છે તમારે? કંઇ આપું?'

એમણે કશુંક કહેતાં નજર કબાટ તરફ કરી. ને મને યાદ આવ્યું. ડાયરી વિના એમને લગીરે ચાલે નહિ. સતત કંઇ ને કંઇ એમણે ડાયરીમાં લખવું જ હોય. આટલા બધા વિચારો આવતા હશે? અત્યારે પણ કદાચ એમને પોતાની ડાયરી યાદ આવી હશે.

'ડાયરી'? મેં પૂછ્યું. એમણે હકારમાં આંખ મીંચકારી.

ઊભા થઇ કબાટ ખોલ્યો, વાદળી કવરમાં એમની બહુ પ્રિય ડાયરી. મેં પેન પકડી ને કહ્યું,'બોલો, શું લખવું છે?'

એ થોડીવાર મને જોઇ રહ્યા. હું પણ વિચારમાં પડી ગયો કે અત્યારે અંકલ શું લખવા માગતા હશે. વિચારોના ફોર્સમાં લખવાનું બને એ તો સમજ્યા પણ આમ લોહીના આંતરિક દબાણમાં પણ લખવાનું કશું સૂઝી શકે ખરું?

એમણે આંખો બંધ કરી ને ફરી ઊઘાડી, 'આજની તારીખ લખી?'

મેં કૅલેન્ડરમાં જોઇને તારીખ લખતાં કહ્યું, 'હા લખી.'

'મારો જન્મદિવસ છે આજે.' અંકલ મલક્યા.

મને બરાબર ખબર કે આજે એમનો બર્થડે નહોતો. પણ એ જ્યારે ખુશીમાં હોય ત્યારે આમ જ સૌને બહાનું આપે અને સેલિબ્રેટ કરાવે. સૌ ખુશ થાય એટલે એ પોતે પણ રાજી રાજી.

'ભગવાન રામ આજે કેમ આપણી વચ્ચે જીવતા નથી?' અંકલે લાગલો જ સવાલ કર્યો. હું અચંબામાં પડી ગયો. કંઇ વિચારું એ પહેલાં એમણે બીજો સવાલ કર્યો 'ભગવાન ઇસુ, ભગવાન બુદ્ધ કે શંકર અત્યારે ક્યાં?'

અંકલનું ચિત્તભ્રમ થઇ ગયું હોય એવું જ લાગ્યું. કેવા વિચિત્ર સવાલો કરે છે? અત્યારે એમના દિમાગમાં આ બધું શું ચકરાઇ રહ્યું હશે એ મને સમજાયું નહિ. હું એમને શાંત પાડી શકાય એવા ઉત્તરને શોધું ત્યાં તો અંકલે નવું એક તીર ફેંક્યું, 'શ્રીકૃષ્ણ કેમ આ દુનિયામાં આજ સુધી ટકી શક્યા નહિ?'

માર્યા... શું ઉત્તર આપું? પણ આ એમના છેલ્લા સવાલના કૃષ્ણ જ મારી મદદમાં આવ્યા, 'અંકલ, તમે તો ભગવદ્ગીતા વાંચી જ છે ને? એમાં સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ કહે છે કે નામ છે તેનો નાશ છે, જે જન્મે છે તેનું મૃત્યુ પણ નિશ્ચિત હોય છે યાદ છે ને?'

અંકલ જરા છંછેડાયા, 'એવું જરૂરી ખરું? કોઇ સજ્જડ કારણ? ગીતાના એક આ સંદેશ પાછળનું વ્યાજબી કારણ તો ભગવાન પોતે પણ ક્યાં સમજાવી શક્યા છે?

'હં.... પોઇન્ટ...' મને કશું સૂઝ્યું જ નહિ.

ચહેરાની બદલાઇ રહેલી રેખાઓ પર કાબૂ કરતાં કરતાં અંકલ કહે, 'મને લાગે છે કે મારી ડાયરીમાં આજે મારો ઍપિટાફ લખી રાખવો જોઇએ.'

હું અચકાયો, 'ઍપિટાફ? અંતિમ સંદેશ? કબર પર લખવામાં આવતો મરનારનો આખરી સંદેશો? કેમ?' મને જરા હસવું પણ આવ્યું.

'એ મારી મરજીનો ઇલાકો છે.' એ બોલ્યા, 'લખ કે, આજે હું મારા જન્મદાતા ઇશ્વરનો આભારી છું કે એમણે મને આ જગતમાં મોકલ્યો અને ખુશહાલ જીવન આપ્યું.'

મેં લખ્યું. આ પ્રમાણેના એમના જન્મદિવસની ખુશીઓ વર્ષમાં અનેકવાર મેં લખી જ છે એટલે આજે પણ લખી. ખબર નહિ પરંતુ લખતાં લખતાં આજે મારા હાથ કંપી રહ્યા હતા. મેં જોયું કે અંકલની અકળામણ અને અસ્વસ્થતા સ્થિર થતી જાય છે. હું અંદર ને અંદર મૂંઝાતો જાઉં છું.

એક પળ મને ઝબકારો થાય છે, કદાચ અંકલને પોતાની તબિયતનો અંદેશો આવી ગયો હોય ને આ સમય એમના જીવનની છેલ્લી પળો બની જાય.. તો...? ન..ના, એવું ન હોય. લાગતું પણ નથી. તબિયત ગંભીર કહી શકાય એટલી ખરાબ પણ નથી દેખાતી.

ફરી આંખો ખોલી જાતને સંભાળતા અંકલ બોલે છે, 'મારો ઍપિટાફ કોઇ સંદેશ નથી સવાલ છે, ઇશ્વરને પૂછવાનો. ઇશ્વરને સંબોધીને જ આગળ લખ કે આટલો સરસ અવતાર આપ્યો, મજાનું જીવન આપ્યું, સુખનો દરિયો આપ્યો... ચારે તરફ ખુશીઓથી ભરેલી દુનિયા આપી.... તો..' એ અટક્યા.

'તો... ? તો શું? આગળ તો બોલો.' અંકલ અટકી ગયા કે એમનાથી અટકી જવાયું એ મને ખબર ન પડી. મેં પાણી પાયું ને ફરી પૂછ્યું, 'તો... ?'

ચહેરા પર મ્લાન સ્મિત રેલાવતાં બોલે છે, 'તો, એ જીવનને અંતવિહીન કેમ ન બનાવ્યું?બધું જ બનાવ્યું એ કબૂલ પણ... મોત? મૃત્યુ શું કામ બનાવ્યું? આખરે આટલા સરસ જીવનનો અંત શા માટે? મૃત્યુ શા માટે?'

મારી પેન અટકી ગઈ. મનમાં ડર પેસી ગયો. કદાચ અંકલ પણ મોતના ડરને કારણે જ... ઓહ... હે ભગવાન..!

મેં કહ્યું, 'એકદમ સાચી વાત છે. ઈશ્વરે બધું જ આપ્યા પછી મૃત્યુ બનાવવાની શું જરૂર પડી? દુનિયામાંથી જો એકમાત્ર આ 'ડેથ'ની બાદબાકી થઈ જાય તો દુનિયા કેટલી સોહામણી લાગે!'

'હમ્મ્મમ...' અંકલ હળવેથી બોલ્યા.

'લખ્યું, તમે કહ્યું એ બધું જ લખ્યું. હવે આગળ કશું લખવું છે? તો બોલો.' મેં વાત આટોપવા કહ્યું.

સ્મિત અટ્ટહાસ્યમાં ફેરવતા જરા તાકાત એકઠી કરતા અંકલ બેઠા થયા ને કહે, 'અલ્યા ગાંડા, જરા વિચાર તો કર, જો દુનિયામાં મોત જ ન હોત તો આજે મારા ને તારા ઘરમાં સાતસો ને સત્યોત્તેર પેઢીના ડોસા-ડોસીઓ સંઘરાયા હોત એ બધાને સાચવત કેવી રીતે! હ...હા....'

ફરી જોરથી હસવા લાગ્યા, હું પણ હસી પડ્યો.

મેં પૂછ્યું, 'આ વાત પણ ડાયરીમાં લખું ને?'

પણ એમણે તો આંખો મીંચીં દીધેલી.

(૫૮, મીરા પાર્ક, 'આસ્થા', અખિલેશ સર્કલ, ઘોઘા રોડ, ભાવનગર- ૩૬૪૦૦૧ મોઃ૯૮૨૫૨૫૨૮૧૧)

**સ્મરણાંજલિ**

ઈશ્વર પેટલીકરને.....

(ઈશ્વર પેટલીકરની જન્મશતાબ્દિ નિમિત્તે)

**સિલાસ પટેલિયા.**

હીંચકે ઝૂલતાં ઝૂલતાં ય
હીંચતું રહે હૈયું તમારું
સમાજની નસેનસમાં !
માથું એક,
પરંતુ એમાં વખાર-
ભરચક વખાર, ભાતભાતના
અનુભવોથી હાંફતી...
એકેએક અનુભવને
માથે હાથ ફેરવી ફેરવીને
તમે ઉના ઉના કલાડા પર મૂકીને
મા રોટલો શેકે એમ કર્યું!
એ પહેલાં
મા ઘડે રોટલો,
ને હળવેથી એને ગોઠવે કલાડા પર
એવું જ હેત તમે ઢાળ્યું
એના પર બરાબર!
જોતી રહે મા રોટલાને,
એમ જોતી રહે આંખ તમારી
એ અનુભવમાં ઓગળેલા
માનવને!
ને વળે એ સીધે મારગે
તે ક્ષણે ચહેરે તમારે,
અંકાય આનંદની લિપી!
સમાજની ભોંયને
માણસાઈના જળથી તમે સિંચી...
એ પહેલાં
એ ભોંયને ખેડી,
કરી માટી તળે ઉપર,
ને વાવ્યાં એમાં મૂલ્યનાં બીજ...
ખેડૂત જેવી આંખ તમારી,
ને નીતરતો નેહ
ફેલાય એ ધરતી પર
અંદર ને બહાર!
એમાંથી જડ્યાં તમને
રંગરંગના ચરિત્રો-
એ માટીના માનવીઓમાં
તમે પૂર્યા પ્રાણ,
ને ધૂળમાં નવડાવીને
કર્યા ચોખ્ખાં...
ને પછી શબ્દોમાં એને ચીતર્યાં!
આજે એ માનવો
અહીંતહીં ફરતાં દેખાય છે
ત્યારે તમારો હોંકારો
સોંસરવો અમારા હૈયે
બરાબર ઢળે છે...

(૨૦૧, સેફ્રોન ક્લાસિક, એસબીએસ કોલોની, ડિલક્ષ ચાર રસ્તા, નિઝામપુરા, વડોદરા-૨ મોઃ ૯૩૭૭૨૬૯૮૨૮)

॥નિબંધ॥

## કમળવન

**હરીશ મહુવાકર**

તળાવનો લગભગ વીશથી પચ્ચીશ ટકા હિસ્સો કમળવને હસ્તગત કરી લીધો છે. પશ્ચિમી ભાગ પર એ લહેરાય. તળાવ એટલે આ ગંગાજળિયા તળાવ. ભાવનગર શહેર મધ્યેનું નાનું શું તળાવ. હૃદય છે એ શહેરનું. હૃદયના હૃદયમાં તે આ કમળવન!

માથું ઊંચકેલા અનેક કમળનો પથરાયેલો વિસ્તાર નજરે ચડે તળાવના કિનારે ઊભા રહો ત્યારે. ઘડીભર એવું લાગે કે બાળછત્રીઓનું લીલેરું ઝૂંડ જાણે વરસાદમાં મ્હાલવા નીકળ્યું! પાંદડીઓની માયા અનેરી. મોટાભાગની સૂરજમુખી પણ કેટલીક આળસી. બીડી રાખી છે ખુદની જાતને. વળ ખાઇ ગયેલું દોરડું હોય તેમ તેની પાંદડી છે. ખુલવું નથી એને. કોઇ અર્ધખુલ્લા-ઊંબરાની વચ્ચોવચ્ચ ઊભા હોય એમ લાગે. આ સર્વને મુકુટ પહેરાવે તેનાં ગુલાબી ફૂલ. એકસામટાં ખીલી આવ્યાં છે. સપ્તાહ પહેલાં થોડાં હતાં- એકલ દોકલ પણ પછી 'કારવા બનતા ગયા.' પૂર્ણ ખીલેલા, અર્ધ ઉઘડેલા, ઉઘડવા મથતા, લીલી કળી રૂપે ને કળી બનવા તરફ પ્રયાણ કરતાં ડુંગળીનાં ફૂલ જેવી કળીઓ યહાં-વહાં આંખોમાં સમાય.

તળાવ કિનારેથી નીકળ્યો નથી કે એમણે ભૂરકી છાંટી નથી. ખીલો થઇ જાય પગ. દિલ ફરફરી રહે. દિમાગમાં બત્તી જ બત્તી ને સરવાળે બત્રીસે કોઠે દીવા જ દીવા. સવારે વહેલી કે મોડે, સાંજે, બપોરે નીકળો, ચાહે ત્યારે નીકળો નજરિયાં હટે નહિ. હઠીલાં છે- હૃદયમાં સમાઇ જવાની હઠ લઇને એ ખીલ્યાં છે. જુએ એના હૃદયમાં એમનું ઉતરાણ. Earth has not anything to show more fair:/ Dull would he be of soul who could pass by? A sight so touching in its majesty. વડ્ઝર્વર્થ ભલે લંડન માટે લખે. મારા શહેર માટેય તે લાગુ પડે પણ અટાણે આ નજારો જ નજરમાં.

કમળને જોઉં ને વ્હાલી તોરુ દત્ત ન યાદ આવે બને ખરું? જુઓને કેવી અદ્‌ભુત કહાની એમણે સરજી છે! ફ્લોરા- પુષ્પા એ ઉદ્યાન દેવી છે. એક વખતે લવ-સ્નેહા એમની પાસે ગઇ, જવું પડ્યું એમને. જવાનું કારણ ઉદ્યાનમાં બે જણી રોઝ અને લીલી વચ્ચે જામી પડેલી. બેય બાખડી પડેલાં. સામ્રાજ્યમાં સુલેહ, શાંતિ જળવાઇ રહે એટલા સારુ સ્નેહા ને પુષ્પા પાસે જવું પડ્યું. આ રોઝ અને લીલી બેય પોતપોતાની રીતે ગુણગાન ગવડાવીને, અન્ય ફૂલોને પોતાના પક્ષમાં લઇને, 'ભાગલા પાડો ને રાજ કરો'ની નીતિ અપનાવીને સ્વયંને આ ઉદ્યાનની મહારાણી સ્થાપિત કરવા સારુ ધમપછાડા આદરેલા! રીતિઓ એવી અપનાવી કે કવિઓને રોક્યા-સ્તુતિ અર્થે, ગાથાપ્રબંધનને હેતુએ. એ મુજબ રોઝ ગમે તે કરે પણ લીલી જેવી ઊંચાઇ કાંઇ ન મેળવી શકે. યુનો દેવી એમની યુવાની કાળમાં અપ્રતીમ શોભાવંત લાગતાં હતાં તેવી દેખાય છે આ લીલી. ચાહે તે કરો રોઝના ચહેરા બહારની વાત છે આ. વળી રોઝના મળતિયાઓએ લીલીનું મૂળ જ કાપી નાખ્યું. એમણે વાતો ફેલાવી. લીલીને વળી શોભા છે એમ? હવે તમે કહો ઉદ્યાનમાં આમ બે ફૂલ લડી પડે એ કંઇ સારું તો ન જ કહેવાય ને! ફૂલજ્ઞાતિના ઊભા બે ફાંટીયા પડી ગયા- એક રોઝ તરફે ને બીજો લીલી તરફે. સ્નેહા કંટાળી ગઇ આ બેયના ઉપદ્રવથી. આવા સમયે લાંબાગાળાનો નિર્ણય કરવો પડે. કાયમી હલ લાવવો પડે એથી એણે પુષ્પાદેવીને અરજ કરી. હે દેવી, મારા ઉદ્યાનમાં એવું ફૂલ મને આપો જે નિર્વિવાદ રાણી તરીકે સ્થાપિત થાય. પુષ્પાદેવીને આ પળોજણ ન ગમે એ સ્વાભાવિક છે. એમનેય ગડમથલ કરવી પડેને! એમની વારે આવતા સ્નેહા સૂચન કરે છેઃ એવું ફૂલ આપો જે આંખોને રોઝ જેવું મિષ્ટ અને યુવાનીમાં લીલી જેવું ગર્વિષ્ટ હોય.

સ્નેહાદેવીની મૂંઝવણ હવે સ્પષ્ટ થાય છેઃ ફૂલ આપું પણ કેવા રંગનું? ગુલાબી લાલ હોય એવું આપું? સ્નેહાને એ પ્રસ્તાવ ગમ્યો. કારણ કે ગુલાબી નહિ પણ લાલ હોય તેવું ગુલાબી રંગનું ફૂલ સારું લાગશે. પણ મન માનતું નથી. વળી સૂચન કરે છે. ના ગુલાબી લાલ નહિ પણ લીલી સરીખું શ્વેત આપો. મનુષ્યના મનડા જો ડગી જાય તો રાજા -રાણીનાય ડગી જાય. અરે દેવતાનાય ડગી ગયાના અનેકાનેક દાખલા આપણી સામે છે. તે વળી આવડાં આ સ્નેહાદેવી કઇ વિસાતમાં? એટલે તરત જ નિર્ણય ફેરવી તોળે ને સમાધાન સાધતાં નવો પ્રસ્તાવ મૂકે છેઃ 'એવું કરોને કે બેયનું મિશ્રણ થાય. ગુલાબી લાલ પણ હોય રોઝ જેવું પણ શુભ્ર અનેગર્વિષ્ટ હો લીલી જેવું.' આખરે સ્નેહાદેવીએ નવસર્જન કર્યું ને સ્નેહાને ઇચ્છિત ફૂલ આપી દીધું- કમળ. રોઝ અને લીલીનું મિશ્રણ. ઝઘડા ખતમ. ખેલ ખતમ. કમળ નિર્વિવાદ રાણીપદ શોભાવે ઉદ્યાનમાં.

તોરુબહેને આમ જન્મ કરાવ્યો કમળનો. યુવાવસ્થાના ઉંબરે એમણે અદ્ભુત, અકલ્પનીય સર્જનશક્તિનો પરિચય આપ્યો આ કમલપુષ્પના કાવ્યથી. કેટલીય વખત ભણાવ્યું ને કેટલીય વખત મનમાં આવ્યા કરે. હવે તમે કહો આ કમળવન જોઉં ને તોરુબેન સાંભરે કે નહિ?

કમળવન તળાવને વિરોધાભાસ રચી આપે. આ બાજુ લીલો ભાગ, કમળ વિનાનો ખુલ્લો ભાગ, નીલો, આકાશને ઝીલતો. કમળવન નજીક નાનકડો ટાપુ. વસતી સભર મોટાભાગે સર્પગ્રીવ અને બતકાં, બે મોટી પેણ સાઈઝ અને રંગથી જુદી પડે. મોટે ભાગે ધ્યાનસ્થ હોય. કાગડા અને ટિટોડી ભૂલા પડે એમાં પણ ખ્યાલ આવતા ભૂલ સુધારી લે. ટ્રી ગાર્ડ પર કોઈ સર્પગ્રીવ પાંખને સૂકવે-હલાવી હલાવીને. આજુબાજુના પંખીઓનું ગંતવ્ય હોય એમ આ ટાપુએ પહોંચે. બીજી બાજુના ભાગે સ્થિરતા. બિલ્ડિંગની બીજી જાત-પડછાયા હલબલે પાણીમાં. વૃક્ષોની ડાળીઓ જુએ નિજ પ્રતિબિંબ સ્થિર સપાટીમાં. ઊંડેના માછલા કોઈ વખતે હયાતીના દાખલા આપણને આપી જતા રહે. ગંગાદેરી સ્વયંના ભૂતકાળમાં સરી પડવા ક્યારનીય ખાબકેલી હોય આ બધાની સંગતમાં. તળાવની કમળવન બાજુએ રીક્ષા અને કારનો ખડકલો જામેલો છે. લોકોની આવનજાવન વધી રહી છે. ચા-પાનની લારીઓ ખૂલી છે ને ગાંઠિયા શાક-પૂરી બની રહ્યાં છે નાની નાની રેસ્ટોરાંમાં.સામાપક્ષે મોતીબાગ રોડની દુકાનોની આંખો અને હોઠ હજુ બંધ છે. બિઝનેસ સેન્ટરની બહુમાળી ઈમારત ચૂપ છે હજુ. જિલ્લા પંચાયત, ટાઉનહોલ અને સાગર કોમ્પલેક્ષ શાંતિને સંગત આપતા ઊભા છે.

નજર આમ તેમ ઊડે ને પુનઃ મંડાય કમળવન ઉપરઃ કેટલાક કમળોએ સંન્યાસ લઈ લીધો છે. પોતાની પાંદડીઓને ફેલાવી રાખી છે જળસપાટી પરે. એ પરવારી ચૂક્યા છે એમની ફરજોથી એથી એમને કશું જાણે અડતું ન હોય તેમ લાગે! પણ ભલા સંસારમાં હો તે કશું અડે નહિ એવું થોડું બને! બતકાઓ આવી હલાવી જાય. સર્પગ્રીવ એમની ઉપર ચાલે! કોઈ બતક સ્થિર થઈ બેસે ને ભોજન મળ્યે રવાના થાય પણ કમળપાંદડીઓને હલાવતા જાય. નીચેની માછલીઓ એમને ગલગલીયા અચૂક કરાવી જતી હશે કે કો' સાપ જરાક ઘસાઈને જતો હશે જ ને! ખબર નહિ આ કમળવન નિજની નીચે શું સંઘરીને બેઠું હશે ? કોઈ રાજકુમારી, કોઈ કન્યા-મત્સ્ય કન્યા, કે કોઈ જળ રાણી પ્રગટ થાયે તો ?

જુઓને કૃષ્ણએ કમળવનમાં કૂદકો લગાવ્યો તો કેવાં નાગરાણી પ્રગટ થયાં! 'જળકમળ છાંડી જા ને બાળા.'સુંદરતા સાથે જોખમ પણ ભેટમાં મળે જ છે તેનો આ દાખલો કે નહિ ? ખેર, જે હો તે પણ અત્યારેય નાગદમન કરતા કૃષ્ણ ચિદાકાશમાં ઊઘડી આવ્યા. નાગરાણીની વિનંતી, કૃષ્ણની એ જોખમ સામે લડવાની તૈયારી ને આખરે નાગસંહાર. આપણી સ્થિતિય ક્યાં ઓછી છે કૃષ્ણ કરતાં! ફરક માત્ર જીતનો રહે છે સંસાર સમા ફણીધર સામે લડવામાં.

કૃષ્ણ-કમળ સ્મરણમાં વધુ સ્મરણ ઉમેરાય મારા ગામ ભાદ્રોડની નવરાત્રીનું. કમળ નર્તન કરાવતું હોવું જોઈએ અન્યથા એમ બને નહિ. રાસ-ગરબાની રમઝટ પછી સ્ત્રી-પુરુષ વૃંદ થાકે ને બેસી પડે. એ પછી શરૂ થાય નવો ખેલ. નાચવાનું, ગરબા, રાસ લેવાનું જેમને ન ફાવે તેઓ મેદાનમાં આવે. નવરાત્રી હો ને નાચો નહિ, બઘડાટીનો આનંદ ન લો તો 'યે બાત કૂછ હજમ નહિ હુઈ' લાગે. એટલે મારી જેવા નહિ નાચણીયા પુરુષો કેડિયા પહેરણથી સજ્જ એક વર્તુળ બનાવે.ડાબો પગ આગળ લઈ જાય ને જમણો સ્થિર. પછી શરીરને આગળ નમાવી તાળી પાડે ને શરીર ઊંચું કરી મૂળ મુદ્રામાં આવે ને હાથને હવામાં ઉછાળે. ડાબો પગ હોય તેમ સ્થિર જ રહે. આવા વર્તન-આવર્તનમાં ભળે એમનું ગીતઃ 'કૃષ્ણની વાડીમાં કમળ ખીલીયાં રે લોલ.' ને બધા પણ ખીલતા રહે. મને એ રીતનો ખીલવાનો અનુભવ છે.

કૃષ્ણ અને મોરપીંછ તો ભગવાન બુદ્ધ અને કમળ. એકમેવની પહેચાન. શ્વેતકમલધારી ભગવાન બુદ્ધનું ચિત્ર મનમાં કાયમી છે. સરોજિની નાયડુએ એમને મા સરસ્વતીની જેમ કમળ પર બિરાજીત કર્યા છે. એમનું : To a Buddha Seated on a Lotus રૂપકડા કાવ્યનો નમૂનો ખરો પરંતુ આપણને તો કમળ અને બુદ્ધમાં રસ.તેઓ કહે છે : 'And all our moments are/ A session of the infinite.' બોધિ ધર્મમાં આઠ પ્રતીકો મંગળ ગણાવાયા છે તેમાંનું સૌથી પ્રચલિત પ્રતીક આ કમળ. એનાં મૂળ કાદવમાં પરંતુ બાહ્ય ઉર્ધ્વગામી વિકાસ કરે. બોધિવાદ આ વાત સમજાવે છેઃ કાદવરૂપી સંસારમાં ખૂંપેલા આપણા આત્માને બહાર લાવવાનો છે ને સૂરજની રોશની પામવાની છે.

બોધિવાદ ભલે જે ગણે તે, ભલે તેના રંગો વિવિધ પ્રતીક બને, અર્થો અલગ અલગ, પણ શ્વેત, ગુલાબી, લાલ કે ભૂરું, મારે મન કમળ એટલે કે એક જ અર્થ-સૌંદર્યમલક.

ભાલ પ્રદેશમાં આવેલી ભડિયાદ ગામની ગેબનશા પીરની દરગાહ પાછળ રહેલા તળાવમાં કેટલાય કમળ જોયેલાં. તળાવ સુકાઇ ગયેલું પણ કમળ ભીના હતાં-લીલાં હતાં. અમારે સારુ ફળ લઇને ઊભેલાં. દીકરા રિહાનને લઇ ઉતર્યો હતો તળાવમાં. મજાનું એક તોડી સુંઘવા લાગેલો. પછી બીજાને પામવા જાય, ત્રીજું, ચોથું એમ કેટલાયને એણે 'સ્પર્શ' કરી લીધો. મરક મરક થતો જાય. એને હાથમાં કમળ લઇ ઊભેલો જોઇ હું પણ મરક મરક! મેં એક ફળ તોડ્યું ને એને આપ્યું. એને સ્પષ્ટ નહોતું શું કરવું તે. મેં કહ્યું. 'ખાઇ જા'. એની આંખોને ભાવ આશ્ચર્ય વ્યક્ત કરતા હતા. અવઢવ વ્યક્ત કરતા હતા. મેં એ દૂર કરવા સ્વયં 'Lotus Eater' બની ગયો. બીજું તોડી એને આપ્યું ત્યારે એણે ખાધું. ટેનીસનની જેમ અમારે સ્પેઇન જવાની જરુર ન પડી. નાવિકો કમળ ખાઇને ઉન્નત અવસ્થામાં સરી પડે છે ને બાહ્ય જગતથી અલગ થઇ જાય છે. અલબત્ત કમળને જોઇને કે ખાઇનેય આ અવસ્થા મનસ્થ, હૃદયસ્થ થાય જ. જેમ એ નાવિકોને એમ આપણને: 'And taste, to him the gushing of the wave,/ Far away did seem to mourn and rave.'

લ્યો, આ ગેબનશા પીરની પ્રસાદી જ ને! એ આ દરગાહ પૂરતી સીમિત નથી. તમે પણ લેજો જ્યાં મળે ત્યાંથી.

('અમે', ૩-એ,૧૯૨૯, નંદાલય હવેલી પાસે, સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૨ મો. ૯૪૨૬૨૨૩૫૨૨)

॥ વિદ્યાવૃત્ત ॥

## વી.એન્ડ સી. પટેલ ઇંગ્લિશ સ્કૂલના દ્વિવાર્ષિકોત્સવ 'અંતર્નાદ'ની ભવ્ય ઉજવણી

ગુજરાતની અગ્રગણ્ય સંસ્થાઓમાં નામના ધરાવતા ચારુતર વિદ્યામંડળ સંચાલિત વી.એન્ડ સી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (સીબીએસઇ)ના દ્વિવાર્ષિકોત્સવ 'અંતર્નાદ'ની ખૂબ જ અનોખી શૈલીમાં ઉજવણી કરવામાં આવી હતી.

તા ૪ અને ૫ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ આ દ્વિદિવસીય કાર્યક્રમ શાળાની અનોખી પરંપરા મુજબ વર્ષ ૨૦૧૫-૧૭નો આ દ્વિવાર્ષિકોત્સવ 'અંતર્નાદ' શીર્ષક હેઠળ ઉજવવામાં આવ્યો. 'અંતર્નાદ' અર્થાત્ 'અંતરાત્માની પુકાર' અહીં આજના વર્તમાન સમયને અને તેની સમસ્યાઓ અને ઋતુચક્રમાં આવેલા પરિવર્તનો, ઠંડી, ગરમી, વરસાદમાં જોવા મળતી અસમાનતા મા ધરતીનાં રૌમ્ય અને રૌદ્ર સ્વરૂપો, તેની વનસંપદા, લોકજીવન તથા વન્ય જીવો તેમજ વૃક્ષોની માવજત, પાણીમાં થઇ રહેલું અનહદ પ્રદૂષણ એ આપણા તથા પ્રકૃતિનાં તત્ત્વોના અસ્તિત્વ માટે ખતરનાક સાબિત થઇ રહ્યું છે ત્યારે આ સૌનું રક્ષણ કરવાના હેતુને ધ્યાનમાં રાખી એક સુંદર 'નૃત્યનાટિકા' અંતર્નાદ તૈયાર કરવામાં આવી હતી.

આ સુંદર પ્રસંગને શોભાવવા માટે અતિથિ વિશેષ તરીકે ડૉ. સંદિપકુમાર કે જેઓ નર્મદા જિલ્લામાં વન સંરક્ષક તરીકેની સેવાઓ બજાવે છે, તેઓ પધાર્યા હતા. ડૉ.સંદિપકુમારે 'અંતર્નાદ' અંતર્ગત પ્રકૃતિની અવદશા અને તેની જાળવણી તથા માવજત અંગે વિશદ માહિતી આપી હતી. ચારુતર વિદ્યામંડળના ચેરમેન શ્રી, શિક્ષણ મહર્ષિ ડૉ.સી.એલ. પટેલ સાહેબે પ્રકૃતિનાં સ્વરુપો તથા તેની સંપદાની રક્ષા કરવા માટે સર્વેને હાકલ કરી હતી. આ પ્રસંગે ચા.વિ. મંડળના માનાર્હ મંત્રીશ્રી ડૉ. એસ.જી.પટેલ સાહેબ, શ્રી બી.પી. પટેલસાહેબ, શાળાના દાતાશ્રી વાસંતીબેન પટેલ, તથા ભગિની સંસ્થાનાં ભૂતપૂર્વ આચાર્યા વિનોદિનીબેન તથા અન્ય તમામ ભગિની સંસ્થાઓના આચાર્યશ્રીઓ શિક્ષકમિત્રો, મહેમાનશ્રીઓ તથા વાલીશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આચાર્યાશ્રી ગીથાદેવીએ દ્વિવાર્ષિક અહેવાલ દ્વારા શાળાની વિકાસલક્ષી પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કર્યો હતો, તથા આચાર્યશ્રી નિમેષ રાઉલજીએ સર્વેને આવકાર્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમની ઉજવણી બે દિવસ કરવામાં આવી હતી. જેમાં બીજા દિવસના અતિથિ વિશેષ તથા ચા.વિ. મંડળના માનાર્હ મંત્રીશ્રી ડૉ.એસ.જી. પટેલસાહેબે પણ શાળાના બાળકોમાં પ્રકૃતિના રક્ષક બનવાની ભાવના જાગે તેમજ શાળાના વિદ્યાર્થીઓના ભાવિ વિકાસ અંગે આશીર્વાદ પાઠવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળતાના શિખર પર પહોંચાડવા માટે શાળાના પરિવારે તથા વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી તથા તમામ મહેમાનશ્રીઓ, વાલીઓ તથા વિદ્યાર્થીઓને તુલસીનો છોડ તથા પ્રકૃતિના તત્ત્વો અંતર્ગત પુસ્તકથી આવકાર્યા હતા.

## સાયન્સ મ્યુઝિયમ બોસ્ટન (યુ.એસ.એ.) એક યાદગાર મુલાકાત

**કે.એન. જોષીપુરા**

વિજ્ઞાનનું મ્યુઝિયમ ?! થોડી નવાઈ તો જરૂર લાગે કેમ કે, પ્રચલિત અર્થમાં મ્યુઝિયમ એટલે પ્રાચીન વસ્તુઓ કે અવશેષોનું સંગ્રહસ્થાન. પરંતુ વ્યાપક અર્થમાં 'મ્યુઝિયમ' એટલે વિશેષ નમૂનાઓ કે ચીજવસ્તુઓનું સંગ્રહસ્થાન કે કેન્દ્ર, એમ પણ ગણાય છે. હકીકતે આપણા દેશમાં પણ વિજ્ઞાન મ્યુઝિયમ આવેલાં છે અને તેમાં ખાસ ઉલ્લેખનીય છે બેંગલોરનું વિશ્વેશ્વરૈયા ઇન્ડસ્ટ્રિયલ એન્ડ ટેક્નોલોજીકલ મ્યુઝિયમ તથા કલકત્તાનું બિરલા ઇન્ડસ્ટ્રિયલ એન્ડ ટેકનોલોજીકલ મ્યુઝિયમ. એક રીતે જોતાં તેને વિજ્ઞાન કેન્દ્ર પણ કહી શકાય. આપણે ત્યાં ગુજરાતમાં કદાચ સર્વપ્રથમ લોકવિજ્ઞાન કેન્દ્ર ૧૯૬૮માં, ભારતીય અંતરીક્ષવિજ્ઞાન કાર્યક્રમોના પિતામહ ડૉ. વિક્રમ સારાભાઈએ સ્થાપ્યું હતું, અને હવે તે કેન્દ્ર તેઓના નામથી ઓળખાય છે. આ વિજ્ઞાનકેન્દ્રની સ્થાપના વેળાએ ડૉ. વિક્રમ સારાભાઈના ગુરુ અને જગપ્રસિદ્ધ ભૌતિક વિજ્ઞાની ડૉ.સી.વી. રામને એક યાદગાર વ્યાખ્યાન આપ્યું હતું. જેનું શીર્ષક હતું, ''આકાશ ભૂરું શા માટે?'' પ્રો.સી.વી. રામન એક મહાન વિજ્ઞાની હોવા ઉપરાંત પોતે એક લોકવિજ્ઞાન કેન્દ્ર સમા વ્યક્તિ હતા.તેઓએ હીરા અને કીમતી પથ્થરોનું એક મ્યુઝિયમ પણ ઊભું કર્યું હતું. આપણા દેશમાં તેઓની શોધ 'Raman Effect'ના દિવસે ૨૮મી ફેબ્રુઆરીએ રાષ્ટ્રિય વિજ્ઞાન દિન ઉજવવામાં આવે છે. વિજ્ઞાનકેન્દ્ર એ અનૌપચારિક રીતે અને ગમ્મત દ્વારા જુદાંજુદાં વિજ્ઞાનો-ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી વગેરે-શીખવા તેમજ શીખવવાની એક સારી તક પૂરી પાડે છે. આ એક એવી જગ્યા છે કે જ્યાં વિજ્ઞાનના શિક્ષકો સ્વૈચ્છિક સેવા આપી શકે અને વૈજ્ઞાનિક આદાન પ્રદાન દ્વારા બાળકોના માનસને પ્રજ્વલિત કરી શકે. ડૉ.એ.પી.જે. અબ્દુલકલામે જે પ્રજ્વલિત માનસ(Ignited Mind)ની કલ્પના કરી હતી તે, કદાચ શાળા-કોલેજોમાં નહીં પણ વિજ્ઞાનકેન્દ્રોમાં ચરિતાર્થ થઈ શકે.

અત્રે વાત કરવી છે, અમેરિકા (યુ.એસ.એ.)નાં એક વિશાળ અને જગપ્રસિદ્ધ વિજ્ઞાન મ્યુઝિયમની. અમેરિકાના લગભગ દરેક નાનાં મોટાં શહેરમાં એક સામુદાયિક વિજ્ઞાનકેન્દ્ર જોવા મળે છે અને ઘણું ખરું તેને સાયન્સ મ્યુઝિયમ કહે છે. સામાન્ય પ્રણાલિકા મુજબ વિજ્ઞાનમાં ગણિતને પણ સામેલ ગણી લેવામાં આવે છે. અમેરિકાના મેસેચ્યુસેટ્સ રાજ્યમાં આવેલ ઐતિહાસિક શહેર બોસ્ટન ખાતે મ્યુઝિયમ ઑફ સાયન્સની મુલાકાત લઈને એક આખો દિવસ ગાળવાનો અવસર મને મળ્યો હતો. ખુદ અમેરિકાની દૃષ્ટિએ જોતાં પણ આ એક વિશાળ વિજ્ઞાન કેન્દ્ર છે અને તે આબાલવૃદ્ધ સૌની મેદની આકર્ષે છે, એટલું જ નહીં પણ લોકો તરફથી સારી એવી દાનની રકમ પણ આકર્ષે છે. આ સાયન્સ મ્યુઝિયમમાં વૈવિધ્યપૂર્ણ નમૂનાઓ,હાથવગાં સાધનો અને વિજ્ઞાન તેમજ ટેક્નોલોજીના જુદા જુદા પાસાંઓને આકર્ષક રીતે રજૂ કરતા વિભાગો આવેલા છે. આપણે સામાન્ય રીતે જે સમજીએ છીએ તે મુજબના ભૌતિકવિજ્ઞાન કે રસાયણ વિજ્ઞાનના કોઈ ખાસ વિભાગો નથી. સાચું પૂછો તો ભૌતિક વિજ્ઞાન એટલે કે ફિઝિક્સ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લગભગ દરેક વિભાગમાં હાજર જણાય છે. અને આમ એક શિક્ષક તરીકે મને કહેવાનું મન થાય કે, Physics is everywhre..!! આ મ્યુઝિયમમાં વિષયવાર વિભાગો પાડવાને બદલે આજના જમાનામાં પ્રચલિત છે તેવી બાબતો મુજબના વિભાગો પાડવામાં આવ્યા છે. એક મોટી બહુમજલી ઈમારતમાં કતારબદ્ધ રીતે, એક પણ ખૂણો ખાલી છોડ્યા સિવાય નાની-મોટી કેટલીય અદ્‌ભુત ધ્યાન ખેંચતી ચીજવસ્તુઓ અને નમૂનાઓ મૂકવામાં આવ્યા છે.તેમજ તેનું પ્રાયોગિક નિદર્શન પણ કરવામાં આવે છે. અત્રે મારે ઉલ્લેખ કરવો છે એક રોમાંચક જીવંત નિદર્શનનો કે જેમાં બે ઘુમ્મટ ધરાવતાં ''વાન દ્ ગ્રાફ જનરેટર'' સાધનમાં લગભગ ૨૦ લાખ વૉલ્ટનું વીજ દબાણ પેદા કરવામાં આવે છે. વાન દ્ ગ્રાફ જનરેટર એ મુખ્યત્વે વિદ્યુતભાર જમા કરવાનું સાધન છે. આપણે ત્યાં બી.એસસી.માં ભણતા વિદ્યાર્થીઓને આ સાધન વિશે પૂછીએ તો તેઓને ન્યુક્લિયર ફિઝિક્સમાં કણ પ્રવેગકોનો પાઠ યાદ આવશે. આ મ્યુઝિયમને મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી તરફથી એ સાધન ભેટ મળેલ છે અને તેનો એક જાહેરમા ખેલ બતાવવાની જગ્યાને થિયેટર ઓફ ઇલેક્ટ્રિસિટી કહે છે. આ એક અદ્‌ભુત ખેલ હોય છે કે જેમાં પ્રેક્ષક વિદ્યુતભારિત થઈ જાય છે... શારીરિક તેમજ માનસિક રીતે પણ...! આ વૈજ્ઞાનિક ખેલનું સંચાલન કરતી એક ભૂખરા વાળ વાળી માનુની (Blonde) જ્યારે સાવચેતી પૂર્વક જનરેટરના ઘુમ્મટને હાથ લગાડે અને જ્યારે તેના માથાના વાળ વીજભારિત થઈને સીધાસટ ઊભા થઈ જાય ત્યારે સૌ પ્રેક્ષકો આશ્ચર્યચકિત થઈને ઝૂમી ઊઠે છે. જાણે કે જોનાર માટે પણ આ એક રોમહર્ષણ અનુભવ બની રહે

છે. આ ઉચ્ચ-વોલ્ટેજ નાટકનો બીજો અંક, વાન-દ-ગ્રાફ જનરેટરના ઘુમ્મટમાંથી પ્રગટ થતા તેજસ્વી વીજતણખા અને મેઘગર્જનાનો હતો. વૈજ્ઞાનિક રીતે આ ઘટનાઓ મોટા પ્રમાણમાં વિદ્યુતભારના હવામાં ડીસ્ચાર્જથી થવા પામે છે. હવે જુઓ, કે, અમેરિકન લાક્ષણિકતા મુજબ આ પ્રકાશ અને ધ્વનિની ઘટનાને એવા કૌશલ્યથી નિયંત્રત કરવામાં આવે છે કે તેમાં વીજ-ચમકારાની સાથોસાથ રોક (Rock)સંગીત પણ ઉત્પન્ન થાય છે. યે તો દેખતે હી બનતા હૈ..!! ચોમાસાની ઋતુમાં આપણે જે વીજળીના ચમકારા જોઈએ છીએ અને મેઘગર્જના સાંભળીએ છીએ તેની આ પ્રયોગશાળા-કદની પ્રતિકૃતિ ગણાય.

વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં સાનંદાશ્ચર્ય રસરુચિ પેદા કરે તેવા અનેક વિભાગોમાંથી અત્રે ગણિત વિભાગનો ઉલ્લેખ કરીએ કે જેમાં વિજ્ઞાન પણ સામેલ થયેલ છે. મ્યુઝિયમના ગણિત વિભાગને મેથેમેટીકા નામ આપવામાં આવ્યું છે અને તેમાં ખૂબ સરસ રીતે તે વિષયને લગતા ચાર્ટ-પોસ્ટરો, વિવિધ નમૂનાઓ અને હાથવગી ચીજ વસ્તુઓ દ્વારા થતી રજૂઆત ખૂબ આનંદ આપે છે, અને ગણિતશાસ્ત્રીઓ વિજ્ઞાનીઓની ઉક્તિઓ પણ ખૂબ રસપ્રદ નીવડે છે. ગણિતમાં પૂર્ણાંક સંખ્યાઓની જે વિભાવના છે તેને ઉજાગર કરવા માટે આ વિભાગના પ્રવેશદ્વારે 'શૂન્ય'ની વ્યાખ્યા આપવામાં આવી છે. તે આમ તો અટપટી છે પરંતુ હળવાશથી એમ પણ લખવામાં આવ્યું છે કે, 'તમારી પાસે જ્યારે એકેય વસ્તુ ન હોય ત્યારે તમારી પાસે રહેલ વસ્તુઓની સંખ્યાને શૂન્ય કહે છે…!' 'અનંત'ની તેના પરથી મને કોલેજકાળમાં મારા ગણિત શિક્ષકે અનંતની જે વ્યાખ્યા આપેલી તે યાદ આવી ગઈ, 'અનંત એટલે તમે ધારી શકો તેવી સૌથી મોટી સંખ્યા કરતાં પણ મોટી સંખ્યા…' ભૌતિકવિજ્ઞાનમાં પણ આપણે અવકાશ અને સમય જેવી અવ્યાખ્યાયિત અથવા તો સ્વવ્યાખ્યાયિત સંકલ્પનાઓથી શરૂઆત કરીએ છીએ. મશહૂર ભૌતિકવિજ્ઞાની રિચર્ડ ફેયનમાને મશ્કરીમાં કહેલું કે "Time is what happens even when nothing else is happening.." આપણે પણ થોડા સ્માર્ટ બનવાની કોશિશ કરીએ તો તેમની નકલ કરીને અવકાશ કે ખાલી જગ્યાની વ્યાખ્યા આ મુજબ રચી શકીએ, 'Space is whatever is there even if nothing else is there..!' એમ ભાસે છે કે જાણે જ્ઞાન એક અનિશ્ચિતતામાં આરંભાય છે તેમજ પૂરું પણ થાય છે.

આ વિભાગના ખંડની છત પર લખાયેલ ગણિત વિષેના સૂત્રાત્મક વિધાનો બહુ બોલકાં લાગે છે. ગેલિલિયોએ કહેલું કે, 'સાચું પૂછો તો હવે મારે ભણતર શરૂ કરવું હોય તો ગ્રીક ફિલોસોફર પ્લેટોએ સહુને શિખામણ આપેલી તે મુજબ, ગણિતથી શરૂઆત કરું.' વળી, દીવાલ પરનાં એક મોટાં ચિત્ર પ્રદર્શનમાં, ૧૨મી સદીથી શરૂ કરીને આજદિન સુધીના ગણિતવિદો અને તેમના ગણિતનો રસપ્રદ ટૂંકો ઇતિહાસ આપવામાં આવ્યો છે.તેમાં ભારતીયો પણ સામેલ છે. ભારતનો ખગોળ અને ગણિતશાસ્ત્રી ભાસ્કરાચાર્ય વિષે લખેલ છે કે, '…તેઓ તેમના પૂર્વજો આર્યભટ્ટ અને બ્રહ્મગુપ્તના બીજગણિતના ખ્યાલોને પ્રચલિત કરીને આગળ ધપાવવા માટે જાણીતા બનેલા. તેમણે પાયથાગોરસના પ્રમેયની એક શબ્દમાં પ્રતીતિ આપેલ કે જે ચીનના ઇતિહાસમાં પણ જાણીતી હતી. અત્યારે એમ લાગે છે કે તેઓની Pell Equationની ચતુરાઇ ભરેલી સાબિતી, કે જે પછીથી ઓયલરે ફરી આપેલ, તે ભાસ્કરાચાર્યનું આગવું પ્રદાન હતું.' પ્રદર્શનમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, પ્રાચીન ભારતીય ગણિતજ્ઞો, સાબિતી નહીં પણ, અંતઃસ્ફુરણા માટે જાણીતા હતા. આ તબક્કે મને યાદ આવ્યું કે ૨૦૧૨ની સાલમાં વિદ્યાનગર ખાતે DST INSPIRE Science Campમાં તેજસ્વી વિદ્યાર્થીઓ સમક્ષ એક રસપ્રદ પ્રવચનમાં પ્રો. અરુણભાઇ વૈદ્યએ ઉલ્લેખ કર્યો હતો કે, હાલના કલનશાસ્ત્રના જાણીતા પરિણામો આપણા પ્રાચીન ગણિતીઓએ સંખ્યાત્મક રીતે સિદ્ધ કરેલાં.

બોસ્ટન મ્યુઝિયમની વાત પર પાછા આવીએ તો ગણિતના વિભાગમાં એક કાચની પેટીમાં ત્રાજવું ગોઠવેલ છે, જેમાં એકબાજુ લાકડાનો નળાકાર અને સામી બાજુ તે જ લાકડાનો (અને એક સરખી ઘનતાનો) ગોલક અને શંકુ જોડીને સંતુલિત કરવામાં આવેલ છે.તેનો અર્થ એ થાય કે, બંને બાજુએ દળ તેમજ ઘનતા સમાન હોવાથી નળાકારનું કદ એ યોગ્ય શંકુ અને ગોળાના કદના સરવાળા જેટલું થાય છે. ગણિત અને વિજ્ઞાનનું આવું અદ્ભૂત નિદર્શન કરનાર હતો આર્કીમીડિઝ (ઇ.પૂ. ૨૮૭-૨૧૨). આપણા શિક્ષકો આવી રસપ્રદ વાતો કરીને વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાનમાં જરૂર રસરુચિ પેદા કરી શકે. વધુમાં ત્યાં ૨૦મી સદીના મહાન ગણિતીઓની વ્યક્તિગત ઝલક આપવામાં આવેલ છે અને તેમાં ભારતના શ્રીનિવાસ રામાનુજનનો પણ સમાવેશ થાય છે.

આ પ્રદર્શનખંડના મધ્યભાગે ખગોળીય ગતિવિજ્ઞાનનું વૈવિધ્યપૂર્ણ નિદર્શન કરતી એક કૃતિ ગોઠવવામાં આવેલ છે. જેમાં કેપ્લરના ગ્રહીય ગતિના નિયમોનો ઉલ્લેખ જોવા મળે છે. ઈ.સ. ૧૬૦૪ના મધ્યયુગીન યુરોપમાં જ્યારે પૃથ્વી, સૂર્ય અને ગ્રહો વિષે અવૈજ્ઞાનિક માન્યતાઓ પ્રવર્તતી હતી ત્યારે કેપ્લરે ખગોળીય અવલોકનોના આધારે એમ દર્શાવ્યું કે ગ્રહો સૂર્યની આસપાસ લંબગોળ કે દીર્ઘવૃત્તીય કક્ષામાં ફરે છે. આ શોધ આશ્ચર્યકારક હતી. કેપ્લરના ત્રણ નિયમોએ ન્યૂટનને ગુરુત્વાકર્ષણનો નિયમ શોધી કાઢવાની પ્રેરણા તેમજ ભૂમિકા પૂરી પાડી. ન્યૂટન અને તેના પુસ્તક ''ફિલોસોફી નેચરાલીસ પ્રિન્સિપિયા મેથેમેટિકા' વિષે એક મોટું પોસ્ટર મૂકવામાં આવેલ છે. ન્યૂટનને આ પુસ્તક લખવાની પ્રેરણા આપનાર હતો એડમન્ડ હેલી, જે કદાચ તેનો એક માત્ર મિત્ર હતો. હેલીએ 'હેલી' ધૂમકેતુ શોધ્યો નહોતો,તેણે તો તે ધૂમકેતુ આવર્તિ હોવાની અને તે ફરી લગભગ ૭૫ વર્ષે દેખાવાની આગાહી કરી હતી. આ લેખ વાંચનાર આબાલવૃદ્ધ સૌને એ જાણવું ગમશે કે હેલી ધૂમકેતુ ૧૯૮૫-૮૬માં છેલ્લે દેખાયા બાદ હવે ફરી ૨૦૬૧-૬૨ના અરસામાં દેખાશે. દોસ્તો, ન્યૂટન એ જગપ્રસિદ્ધ વિજ્ઞાની હતો અને વિજ્ઞાનીઓને તે જમાનામાં 'પ્રાકૃતિક ફિલસૂફ' કહેવામાં આવતા. 'ફિઝિક્સ' શબ્દ ત્યાર પછીથી પ્રચલિત થયો. મજાકમાં એમ કહી સકાય કે, ન્યૂટન 'ફિઝિક્સ' થી અજાણ હતો.

સંભાવના અને સ્ટેટીસ્ટીક્સના ખ્યાલોને પ્રચલિત કરનાર ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી પાસ્કલ વિષે એક રસપ્રદ માહિતી એવી આપવામાં આવી છે કે તેને સંભાવનાના ખ્યાલોનો પ્રથમ વિચાર એક જુગારી પાસેથી મળ્યો હતો. વળી આ બાબતનો વિચાર કરતાં યાદ આવે જર્મન ગણિત-વિજ્ઞાની માઉસ જે બાલ્યકાળથી જ પ્રતિભાવંત હતો. સ્ટેટીસ્ટીક્સમાં જેને ગાઉસીયન અથવા નોર્મલ વિતરણ કહે છે તેનાં ઘણાં ઉદાહરણો વ્યવહારમાં જોવા મળે છે અને તે બાબતની સુંદર ઝલક એક પ્રયુક્તિ કે યંત્ર દ્વારા ત્યાં જોવા મળી કે જેમાં સંખ્યાબંધ એક સરખી લખોટીઓ ઊભાં ખાના ઉપર પડીને ગાઉસીયન વક્ર રચે છે. આ પ્રકારના સામાન્ય વિતરણનો દાખલો સમજવા માટે એક ખૂબ સરળ પ્રયોગ પણ કરી શકાય. તેને માટે બે-ત્રણ ઉત્સાહી શિક્ષકો અને વિદ્યાર્થીઓને એવું કહેવામાં આવે કે, વિદ્યાનગરની તમામ શાળાઓ (ગુજરાતી-અંગ્રેજી માધ્યમના ભેદભાવ વગર)ના ધોરણ-૧૦માં ભણતા તમામ વિદ્યાર્થીઓની ઊંચાઇની નોંધ કરવાની છે. આમ જુઓ તો આ એક નાનો પ્રકલ્પ (પ્રોજેક્ટ) થયો કે જેમાં એક જ ઉંમરના વિદ્યાર્થીઓની ઊંચાઇનો સ્તંભ આલેખ રચાય છે. આગળનું આપ વિચારો.

આમ, બોસ્ટનનું સાયન્સ મ્યુઝિયમ વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિવિધ પાસાંઓને ખૂબ જ આકર્ષક રીતે રજૂ કરતા વિભાગોથી સમૃદ્ધ છે. વળી, આપ મ્યુઝિયમમાં લટાર મારતા હો તો ક્યાંક નાની-મોટી જગ્યામાં કોઇ સ્વયંસેવક કે શિક્ષક થોડાં બાળકોને કશુંક સમજાવતો-બતાવતો નજરે ચડે, તો બહાર આતુર મુલાકાતીઓની લાંબી કતાર પણ જોવા મળે.

અને છેલ્લે, અમેરિકામાં એક પ્રચલિત લોકોક્તિ છે. There is no free lunch... અહીં કશું મફતમાં મળતું નથી, મ્યુઝિયમની મુલાકાત પણ નિઃશુલ્ક નહોતી.

વાચકમિત્રો, મ્યુઝિયમ જોયા પછી મને લાગ્યું કે મેં ખર્ચેલ ડૉલર વસૂલ થઇ ગયા....!!!

(નિવૃત્ત પ્રોફેસર,સરદાર પટેલ યુનિવર્સિટી,
૪, પુનિત પાર્ક, આણંદ વિદ્યાનગર રોડ, આણંદ-૩૮૮૧૨૦
મોઃ-૯૮૨૫૩૧૮૮૯૭)

॥ વિદ્યાવૃત્ત ॥

**એસ.ડી. દેસાઇ હાઇસ્કૂલની સિદ્ધિ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એસ.ડી. દેસાઇ હાઇસ્કૂલ ખેલમહાકુંભ વર્ષ ૨૦૧૬-૧૭માં આણંદ જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે પ્રથમ ક્રમે વિજેતા જાહેર થઇ. તા. ૮-૧૨-૨૦૧૬ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગોધરા મુકામે ગુજરાત સરકાર દ્વારા શાળાને પ્રશસ્તિ પત્ર અને રૂ. ૧,૫૦,૦૦૦નો ચેક એનાયત કરવામાં આવ્યો. ચાલુવર્ષે આ શાળાના વિદ્યાર્થીઓએ કુલ રૂ.૪,૩૩,૦૦૦ના રોકડ પુરસ્કારો પણ જુદી-જુદી સ્પર્ધામાં પ્રાપ્ત કરેલ છે. આ શાળાએ ચાલુ વર્ષે ખેલમહાકુંભમાં રાજ્ય કક્ષાએ ૨ ગોલ્ડમેડલ, ૫ સિલ્વર મેડલ અને ૩ બ્રોન્ઝમેડલ પ્રાપ્ય કર્યા છે.

ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રીએ શાળાના આચાર્ય ડૉ.દિપક એસ. પટેલ, શાલાના વ્યાયામ શિક્ષક શ્રી નિતીનભાઇ પટેલ તથા વિદ્યાર્થીઓને આશીર્વાદ આપી આ સિદ્ધિ બદલ બિરદાવ્યા હતા.

॥ વક્તવ્ય ॥

## સરદાર પટેલ યુનિવર્સિટીના ૫૯મા પદવીદાન સમારંભના મુખ્ય અતિથિ ડૉ.જી.સથીષ રેડ્ડીનું દીક્ષાંત પ્રવચન

**ઉર્વીશ છાયા**

આ યુનિવર્સિટીના માનનીય ચાન્સેલરશ્રી તથા ગુજરાત રાજયના રાજયપાલશ્રી ઓ.પી.કોહલીજી, વાઇસ ચાન્સેલરશ્રી પ્રો.ડૉ. શિરીષ કુલકર્ણીજી, કુલસચિવશ્રી, શિક્ષણવિદો, પ્રાધ્યાપકો આમંત્રિત મહેમાનો અને વિદ્યાર્થી મિત્રો.

સરદાર પટેલ યુનિવર્સિટીનાં ૫૯મા પદવીદાન સમારોહમાં આપ સૌને સંબોધિત કરતાં હું અત્યંત હર્ષ અને આનંદની લાગણી અનુભવી રહ્યો છું. આપણી માતૃભૂમિના પનોતા પુત્ર અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલના નામથી સ્થપાયેલ આ યુનિવર્સિટીમાં આવી હું ગૌરવની અનુભૂતિ કરી રહ્યો છું.

કોઇપણ શૈક્ષણિક સંસ્થાની સફળતા તે સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સફળતા થકી હોય છે, મને ખાતરી છે કે સરદાર પટેલ યુનિવર્સિટી પણ તેના વિદ્યાર્થીઓની સિદ્ધિ અને સફળતાનું ગૌરવ અનુભવતી હશે.

વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓની અથાગ મહેનત અને લગન તથા યુનિવર્સિટી મેનેજમેન્ટના માર્ગદર્શન થકી જે પરિણામ મેળવેલ છે તે યુનિવર્સિટીની ગરિમામાં વધારો કરનારું છે. આ શુભ અવસરે હું જે વિદ્યાર્થીઓને ચંદ્રકો અને પારિતોષિકો પ્રાપ્ત થયા છે તેમને હૃદયપૂર્વક બિરદાવું છું અને તેમના માતા-પિતાને પણ ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું.

મને જાણીને આનંદ થયો છે કે સરદાર પટેલ યુનિવર્સિટી ઉચ્ચ શિક્ષણમાં ઉત્કૃષ્ટતાનાં કેન્દ્ર તરીકે ફક્ત ગુજરાતમાં જ નહિ પરંતુ સમગ્ર ભારત દેશમાં ઉભરી રહી છે અને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (યુજીસી) દ્વારા ‘એપ્લાઇડ પોલીમર્સ’ જેવા આંતર વિષયક સંશોધનના ક્ષેત્રમાં ‘પોટેન્શિયલ સેન્ટર ઓફ એક્સેલન્સ’નો દરજ્જો આપવામાં આવ્યો છે.

૨૧મી સદીમાં મટીરીયલ સાયન્સમાં થઇ રહેલ આધુનિક સંશોધનોમાં એપ્લાઇડ પોલીમર્સની શાખા મૂલ્યવર્ધન કરનારી સાબિત થઇ રહી છે. જ્યારે ૨૫ જેટલા જુદા-જુદા અનુસ્નાતક વિભાગો જેવા કે બેઝીક સાયન્સ, સોશ્યલ સાયન્સ, હ્યુમેનાટીઝ, ફાર્મસી, મેનેજમેન્ટ, એજયુકેશન, હોમસાયન્સ, કાયદાશાસ્ત્ર, મેડિસીન હોમીયોપેથી, ફાઇન આર્ટ્સ, શારીરિક શિક્ષણ વિગેરે વિવિધ વિભાગોમાં મૂળભૂત અને ઉપયોગી થાય તેવા સંશોધનો થઇ રહ્યા હોય ત્યારે સરદાર પટેલ યુનિવર્સિટી ઉભરી રહેલી અને ભવિષ્યની નવીન ટેક્નોલોજી અંગે થતાં સંશોધનો મારફતે જરૂર પોતાની અમીટ છાપ ઉપસાવશે.

સ્નાતકની પદવી પ્રાપ્ત કરવા જઇ રહેલા વ્હાલા વિદ્યાર્થીમિત્રો મને ખાતરી છે કે જયારે આપ સૌ આ યુનિવર્સિટીનો ઉંબરો ઓળંગી બહારની દુનિયામાં પ્રવેશ કરશો ત્યારે આ યુનિવર્સિટીના ગ્રામ્ય જીવનના પુનઃરુત્થાનના ધ્યેયની સાથે આધુનિક ટેક્નોલોજીના સમન્વય દ્વારા દેશના સમૃદ્ધ વારસાને આગળ ધપાવશો એવી અપેક્ષા છે.

રાષ્ટ્રની શક્તિનો આધાર તેના શૈક્ષણિક માળખા, અર્થવ્યવસ્થા, વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રે થઇ રહેલ વિકાસમાં રહેલો છે. અને આથી આપણે સૌ આ દિશામાં રાષ્ટ્રના ઘડતર માટે પૂરતું યોગદાન આપીએ તે જરૂરી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે છેલ્લા કેટલાંક વર્ષોથી ધરખમ ફેરફારો આપણને જોવા મળ્યા છે. ખાસ કરીને ઇલેક્ટ્રોનીક્સ, કોમ્પ્યુટર સાયન્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજીમાં થઇ રહેલા વિકાસથી માનવજાતનું કદી ન થયું હોય તેવું સશક્તિકરણ થયું છે.

રોબોટીક્સ, આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ, સ્ટેમ સેલ રિસર્ચ પુનઃ પ્રાપ્યશક્તિનું ઉત્પાદન અને જાળવણી, અવકાશયાત્રાઓ અને પ્રવાસન, નેનોટેક્નોલોજી વિગેરેએ આપણી જીવનશૈલી બદલવામાં મહત્ત્વનો ભાગ ભજવવાની શરૂઆત કરી દીધી છે. સુરક્ષા તકનીકોની જો વાત કરીએ તો આપણા સુરક્ષા બળોને આધુનિક પ્રણાલીઓથી સજ્જ બનાવવા તરફ સમગ્ર દેશ ધ્યાન આપી રહ્યો છે. અને મૂળભૂત અને ઉપયોગી હોય તેવા સંશોધન ક્ષેત્રે ટેક્નોલોજીને આત્મસાત્ કરવાના હેતુથી ઘણી પ્રશંસનીય કામગીરી કરી છે. આપણા રાષ્ટ્રએ મિસાઇલ અને સ્પેસ ટેક્નોલોજીમાં ભરેલ હરણફાળ જેમાં મુખ્યત્વે જીઓ-સીન્ક્રોનસ, લોન્ચ વિહિકલ અને અગ્નિશ્રેણીની વિવિધ મિસાઇલ્સ, અણુશક્તિથી સજ્જ સબમરીન, આઇ.એન. એસ. અરિહંત, લડાકુ વિમાનો, ચંદ્રયાન, મંગળયાન વિગેરેના માધ્યમથી આપણું રાષ્ટ્ર સ્વવિકસિત ટેક્નોલોજી ધરાવતો મહત્ત્વનો દેશ બની રહ્યો છે.

૧૯૫૮થી સુરક્ષાક્ષેત્રમાં જે સંશોધન અને વિકાસ થયો છે તેના ફળસ્વરૂપે આપણું રાષ્ટ્ર, સ્ટ્રેટેજીક મિસાઇલ પ્રણાલી, ઇલેક્ટ્રોનીક્સ વોરફેર, હલકા લડાકુ વિમાનો વિગેરે ક્ષેત્રોમાં આત્મનિર્ભર બન્યું છે. આજે ભારતનો

વિશ્વના પાંચ એવા રાષ્ટ્રોમાં સમાવેશ થાય છે જેની પાસે આઇ.સી.બી. એમ. ક્ષમતા છે.જ્યારે બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થાનું માળખું ધરાવતા વિશ્વનાં ચાર રાષ્ટ્રોમાનું એક રાષ્ટ્ર છે. તેટલું જ નહિં પાણીની સતેહ નીચે પ્રક્ષેપાસ્ત્ર દાગવાની ક્ષમતા ધરાવતા બી.એમ.ડી. રાષ્ટ્રોમાં આપણા રાષ્ટ્રનો સમાવેશ થાય છે. ઘરઆંગણે વિકસાવેલ મેઇન બેટલ ટેન્ક અને ચોથી પેઢીના હલકા લડાકુ વિમાન બનાવનાર વિશ્વનાં સાત રાષ્ટ્રોની શ્રેણીમાં ભારતનો સમાવેશ થાય છે. અણુશક્તિથી સુસજ્જ સબમરીન બનાવનાર ભારત વિશ્વનું છઠ્ઠું રાષ્ટ્ર બન્યું છે. જ્યારે ગણ્યા ગાંઠ્યા ઈલેક્ટ્રોનીક્સ વોરફેર અને મલ્ટીરેન્જ રડાર પ્રોગ્રામ વિકસાવનાર રાષ્ટ્રોની હારોહાર ઊભેલું જોઇ શકાય છે.

સુરક્ષા, અણુશક્તિ, જીવવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર ક્ષેત્રે ઘણાં લોકોપયોગી સંશોધનો પણ થયા છે.

ભારત સરકારની 'મેઈક ઇન ઇન્ડિયા' ઝુંબેશ અંતર્ગત સુરક્ષાક્ષેત્રમાં પણ ઘરઆંગણે ટેક્નોલોજી અને પ્રણાલીઓનો વિકાસ કરવા પ્રોત્સાહન અપાઇ રહ્યું છે તેના ફળ સ્વરૂપે સુરક્ષા ક્ષેત્રમાં સ્વનિર્ભર થવાથી આપણી આ ક્ષેત્રે નિકાસ વધશે અને અર્થતંત્રનો પણ વિકાસ થશે. આ ઝુંબેશ અંતર્ગત સંશોધન ક્ષેત્રે કાર્યરત વિવિધ સંસ્થાઓ, શિક્ષણ ક્ષેત્રની સંસ્થાઓ અને ઉદ્યોગો આ જવાબદારી નિભાવી રહ્યા છે. સરદાર પટેલ યુનિવર્સિટી જેવી શૈક્ષણિક સંસ્થા પણ આ ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપી શકે તેમ છે. અલબત્ત આ યુનિવર્સિટીએ ઘણી આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓ સાથે આ પ્રકારનું જોડાણ કર્યું છે. અને આ દિશામાં કવાયત આદરી છે આ બદલ હું યુનિવર્સિટીના મેનેજમેન્ટને સહર્ષ બિરદાવું છું.

ભારત સરકારના સ્ટાર્ટઅપ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને રસપ્રદ નવીનતમ પ્રોજેક્ટસ માટે માર્ગદર્શન અને સવલતો મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. મને ખાતરી છે કે સરદાર પટેલ યુનિવર્સિટી આ દિશામાં બનતું બધું જ કરી છૂટશે.

ભવિષ્યમાં વિશ્વગુરુ બનવાની દિશા તરફ પ્રયાણ કરવા ભવિષ્યની ટેક્નોલોજીનો વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. લોક ભાગીદારીના માધ્યમથી ઉત્પાદનક્ષેત્રે નવીનીકરણ કરી લઘુ અને મધ્યમ કક્ષાનાં ઉદ્યોગોને પણ પ્રોત્સાહન આપવાની જરૂરિયાત છે.

હાલમાં રાષ્ટ્રના સંશોધન અને વિકાસ ક્ષેત્રે નવીનીકરણના માધ્યમથી મૂળભૂત સંશોધનો માટે જાહેર સાહસનાં એકમો અને ખાનગી ક્ષેત્રના સંકલનથી આ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોની ક્ષમતાઓનો ઉપયોગ થાય તથા તેનો ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય તે આજની તાતી જરૂરિયાત છે. ભારત સરકારની નવી નીતિઓને પરિણામે અન્ય દેશોનાં ઉદ્યોગો પણ વિવિધ ક્ષેત્રોમાં નિર્માણ ક્ષેત્રે રોકાણ કરવા મોટા પ્રમાણમાં જઇ રહ્યા છે જે ઉપરોક્ત ક્ષેત્રો માટે ફળદાયી પૂરવાર થશે અને રોજગારી ક્ષેત્રે પણ અનેક તકોનું નિર્માણ થશે. 'મેઈક ઇન ઇન્ડિયા' ઝુંબેશને ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે જેનું આ પરિણામ છે.

શિક્ષકો વિદ્યાર્થીઓને ઉચ્ચલક્ષ્યાંકો પ્રાપ્ત કરવા સજ્જ કરે, પ્રેરણા આપે, માર્ગદર્શન આપે જે તેમના જીવનને બહેતર બનાવવામાં મદદરૂપ થાય તેવી અભિલાષા રાખું છું. ભારત રત્ન અને આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલકલામે તેમના પુસ્તક 'વીંગ્સ ઓફ ફાયર'માં તેમની સફળતામાં જે શિક્ષકોનો ફાળો છે તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી છે.

સરદાર પટેલ યુનિવર્સિટીનાં સર્વ શિક્ષકો તેમનાં વિદ્યાર્થીઓની સફળતામાં યોગદાન આપીને રાષ્ટ્રના ભવિષ્યના નિર્માણમાં યોગદાન આપે તે માટે સર્વેને શુભકામનાઓ.

(અનુવાદિત થયેલ સંકલિત અંશો)

(એન.વી. પાસ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર,
મો: ૯૮૨૫૪૦૯૩૯૮)

।। વિદ્યાવૃત્ત।।

**આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કુલનું ગૌરવ**

ગુજરાત સરકાર દ્વારા આયોજીત ખેલમહાકુંભ-૨૦૧૬માં ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ પ્રાથમિક વિભાગના કુલ ૪૨૬ વિદ્યાર્થીઓએ તાલુકા તેમજ જિલ્લાસ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાંથી ૧૩૮ વિદ્યાર્થીઓએ વિજેતા થઇને કુલ રુ. ૨,૧૪,૨૫૦નું રોકડ ઇનામો પ્રાપ્ત કર્યાં હતા. આ ઉપરાંત સમગ્ર જિલ્લામાં ૮-ગોલ્ડમેડલ, ૯- સિલ્વરમેડલ અને ૯- બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને શાળાએ સમગ્ર આણંદ જિલ્લામાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો જે બદલ ગુજરાત સરકાર તરફથી શાળાને રુ. ૭૫,૦૦૦નો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ શ્રી ડૉ.સી.એલ. પટેલ સાહેબ તેમજ સેક્રેટરી શ્રી ડૉ.એસ.જી. પટેલ સાહેબે શાળાનાં આચાર્યા શ્રીમતી બિન્દુબેન સેન્થીલનાથ, વ્યાયામ શિક્ષક શ્રી કુંજનભાઇ પટેલ તેમજ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી બિરદાવ્યાં હતા.

|| Review||

**Mohanraj, S. (Ed) 2014. METHODS OF TEACHING ENGLISH Hyderabad: Telugu Akademi 264 pages Price: Rs. 180/-**

**Sulabha Natraj**

If there is any book on ELT that discusses a variety of themes on the history of English in India, problems of learners of English as a second language, nature and systems of the language, methods of teaching and testing English in a brief yet comprehensive manner, it is Methods of Teaching English edited by Prof. S. Mohanraj and published by Telugu Akademi, Hyderabad.

Written by six experts from different institutions in Southern India, and edited by Prof. S. Mohanraj, a former Professor at the English & Foreign Languages university, Hyderabad, the volume is easy to read. By its sheer style itself the book convinces the reader that English is a language that is easy to learn for anyone who cares to do so. There is a great deal of hand-holding for the novices of language learners as well as instructors. This help is ensured through information on what is the nature of language in general, and the English language in particular, activities and tasks to develop the skills in English and guidance on how one can become an independent learner.

The book is divided into 10 Units. Each unit sets out with a brief introduction to the chapter, so very useful to enable the reader to anticipate what is to follow. The objectives of the unit are laid down in the chapters which help the reader to cross examine the contents and the learning through them. Again, each chapter ends with a brief summary of the contents and key points that help the reader to reflect over and consolidate the learning. There is also a separate unit on Evaluation called 'Self Check'. Evaluation of one's learning by self can lead towards autonomy and independence among learners. The varied themes of the Units in the book are ELT in India, Policies and Perspectives on ELT, status and importance of English during different time periods, linguistics and systems of language, aims and methods of teaching English in India, activities and tasks to develop proficiency in English, numerical and descriptive techniques of evaluation.

The voluminous book takes an inclusive view on almost all the issues that pre-service student teachers come across during their training programme, young recruits in the profession as well as teacher educators in different teacher preparation programmes such as D.Ed., B.Ed., M.Ed, etc. With its coverage of a wide number of themes and meticulously edited by a senior professor, a teacher educator himself, the book is an extremely useful reference material for research scholers, too.

The book is essentially a valuable resource "in that it helps the reader develop a broad perspective on language teaching in general and ELT in particular; it equips the reader with the techniques, tasks, activities to teach and test competence in the language thereby providing language skills; it contains a rich store of information for student teachers to write their examinations or research papers.

**(Professor & Head, Waymade College of Education, Gujarat. www.waymadedu.org)**

આચરણ કરવું એ બહુ સારું છે.
પણ આચરણ વિચારમાંથી જન્મે છે.
**- સ્વામી વિવેકાનંદ**

**આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલના વિદ્યાર્થીઓ ટ્રેકિંગ કેમ્પમાં જોડાયા**

આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (માધ્યમિક વિભાગ)ના વિદ્યાર્થીઓએ ગોધરા (સામલી) ખાતે 'ગુજરાત ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ' દ્વારા યોજાયેલા બે દિવસના ટ્રેકિંગ કેમ્પમાં ભાગ લીધો હતો.

શાળાના ઇકોક્લબ ઇન્ચાર્જ શ્રી ભાસ્કરભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ કેમ્પમાં વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે વિવિધ પક્ષીઓની ઓળખ-બર્ડ વોચીંગ, આયુર્વેદિક પ્લાન્ટસની ઓળખ, વિવિધ વૃક્ષો તથા પ્રાણીઓની ઓળખ તથા માહિતી, વન વિહાર વગેરેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ફોરેસ્ટ ખાતાના આર.એફ.ઓ. શ્રી સોલંકી સાહેબ તથા કેમ્પના ઇન્ચાર્જ શ્રી ગુણવંત સિંહજીએ વિદ્યાર્થીઓને પર્યાવરણની અગત્યતા અને મહત્ત્વ સમજાવી તેની જાળવણી અંગે માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ ટેન્ટમાં રહી જંગલમાં રાત્રી રોકાણનો આહલાદક અનુભવ કર્યો.

શાળાના શિક્ષક શ્રી ભાસ્કરભાઇ પટેલ તથા શ્રી વિરલભાઇ પટેલ દ્વારા ટ્રેકિંગ કેમ્પનું નેતૃત્વ પૂરું પાડવામાં આવ્યું.

શાળાના આચાર્ય શ્રી ડૉ. મહેશ સ્ટેલીન તથા સમગ્ર શિક્ષકગણ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

**બ્રહ્માકુમારી સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ઠ દેખાવ**

ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (મા., ઉ.મા.)ના વિદ્યાર્થીઓએ બ્રહ્માકુમારી દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.

પ્રજાપિતા બ્રહ્માકુમારી (વિદ્યાનગર) કેન્દ્ર દ્વારા 'સત્ય કી મશાલ હમ જલાયેંગે' વિષય અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓનું આયોજન તા. ૨૦-૧૨-૨૦૧૬ થી ૨૩-૧૨-૨૦૧૬ દરમ્યાન કરવામાં આવ્યું હતું. જે અંગેના વિજેતાઓને પ્રોત્સાહિત કરવા તા. ૨૪-૧૨-૨૦૧૬ના રોજ બી.વી.એમ. ઓડિટોરિયમ ખાતે ઇનામ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના ધોરણ-૧૧ના વિદ્યાર્થી રુષિ કલ્પેશભાઇ પટેલે ચિત્ર સ્પર્ધામાં દ્વિતીય સ્થાન તથા જીલ પટેલે નિબંધ લેખન સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. આ બંને વિજેતાઓને ચારુતર વિદ્યામંડળના સેક્રેટરી શ્રી ડૉ.એસ.જી. પટેલના વરદ્ હસ્તે પારિતોષિક આપવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને શાળાના શિક્ષકો દર્શન સુથાર, રાજેશ ભટ્ટ તથા ભાવેશ ભટ્ટે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વિજેતાઓ શાળાને ગૌરવ અપાવ્યા બદલ આચાર્યશ્રી ડૉ. મહેશ સ્ટેલીન ખ્રિસ્તી તથા નિરીક્ષકશ્રી એમ.આર. સેવકે શાળા પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

**માનવ અધિકાર દિવસની ઉજવણી**

આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ વિદ્યાનગર (માધ્યમિક વિભાગ) ખાતે ૧૦ ડિસેમ્બરના રોજ માનવ અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના શિક્ષકશ્રી રાજેશભાઇ ભટ્ટ દ્વારા 'માનવઅધિકાર દિનનું મહત્ત્વ, ભારતીય બંધારણની કલમ ૨૧, જીવન જીવવાનો અધિકાર તથા તેને લગતા સુપ્રિમકોર્ટના ચુકાદાઓ, બાળઅધિકાર અને રક્ષણ વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી. શાળાના આચાર્ય ડૉ. મહેશ સ્ટેલીને બાળ શોષણ અને તેના કારણો તથા અધિકારોના માધ્યમ વડે યુવાનોનું સશક્તિકરણ વગેરે વિશે વિસ્તૃત છણાવટ કરી હતી.

દર્શનભાઇ સુથારે વિદ્યાર્થીઓને પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માનવ અધિકાર દિવસની અગત્યતા સમજાવી. કાર્યક્રમનું સફળ સંચાલન મહેન્દ્રભાઇ સેવકના માર્ગદર્શન હેઠળ ભાવેશ ભટ્ટ તથા રાજેશભટ્ટ દ્વારા કરવામાં આવ્યું.

**ટી.વી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલઃ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી. પટેલ હાયર સેકન્ડરી -સામાન્ય પ્રવાહ, વલ્લભ વિદ્યાનગરના વિદ્યાર્થી ભાઇ બહેનોએ તા. ૧૦-૧૨-૨૦૧૬ને શનિવારના રોજ આઇશ્રી ખોડિયાર મંદિર, લાંભવેલ મુકામે યોજાયેલ સ્વ.પ્રોફેસર હરિહર શુક્લાની તેરમી પુણ્યતિથિ નિમિત્તે તેમની પુણ્ય સ્મૃતિમાં યોજાયેલ ૧૪ ભક્તિ ગીત સ્પર્ધામાં શાળાના શિક્ષક શ્રી એન.આર. વ્યાસ અને શ્રીમતી એ.ડી. પટેલ તથા જી.એમ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ધો.૧૨ની વિદ્યાર્થિનીઓ કુ.હિના, કોમલ, ઝલક, પૂઝા, કામિની રિદ્ધિએ વ્યક્તિગત તેમજ જૂથ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાંથી જૂથ સ્પર્ધામાં

દ્વિતીય વિજેતા જાહેર થતા પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું. સંસ્થાના આચાર્ય શ્રી વિજયકુમાર સુથારે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

**એસ.ડી. દેસાઇ હાઇસ્કૂલમાં ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એસ.ડી. દેસાઇ હાઇસ્કૂલ, વલ્લભ વિદ્યાનગર ખાતે તાજેતરમાં ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રિ.ડૉ. દીપકભાઇ પટેલે સૌને આવકાર્યા હતા. સુપરવાઇઝર એસ.કે. ઉપાધ્યાયે મહેમાનોનો પરિચય કરાવ્યો હતો.

આણંદ તોલમાપ કચેરીના શ્રી કે.સી. શાહ મુખ્ય મહેમાન પદે હતા. તેમણે ગ્રાહક જાગૃતિ અંગે માહિતી આપી હતી. ગ્રાહક સુરક્ષા મંડળ, આણંદ જિલ્લાના પ્રમુખશ્રી એસ.સી. કપાસિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. તેમણે ચીજવસ્તુના પેકીંગ, બેચનંબર, તારીખો તથા વજનીયાઓનું નિદર્શન સહ વિગતો સમજાવી હતી. ગ્રાહકોના અધિકાર, ફરજો તથા ન્યાય માટે લડતનું માર્ગદર્શન આપ્યું હતું. તોલમાપના કમલેશભાઇ તથા ગ્રાહક સુરક્ષા મંડળના એમ.આર. પઠાણ હાજર હતા.

**ગો.જો. શારદા મંદિરમાં આરોગ્ય ચકાસણી કાર્યક્રમ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદા મંદિર, વ.વિ.નગરમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત બાકરોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના વિદ્યાનગર સબસેન્ટરમાંથી પેરામેડિકલ સ્ટાફ અને વિનાયક ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓ દ્વારા ધો-૬ થી ૮ની વિદ્યાર્થિનીઓનું આરોગ્ય તપસવામાં આવ્યું. તથા એનીમિયા અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવી. આયુષ મેડિકલ ઓફિસર દ્વારા ધો.૬ થી ૮ની ખામીવાળી વિદ્યાર્થિનીઓની તપાસ કરવામાં આવી હતી.

માધ્યમિક વિભાગની બહેનોને બાકરોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ. રાજેશભાઇ પટેલ દ્વારા એનીમિયા અંગે આઇ.ઇ.સી. દ્વારા માહિતી આપવામાં આવી હતી. તેમજ ધો-૯, ૧૦ની ખામીવાળી બહેનોની આરોગ્ય અંગે તપાસ કરવામાં આવી હતી. મેડિકલ ઓફિસર દ્વારા આપેલ માહિતી દરમિયાન ઉત્સાહી વિદ્યાર્થિનીઓને ચોકલેટ સ્વરૂપે પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યું હતું.

આરોગ્ય ચકાસણી કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થિનીઓમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો બદલ ડૉક્ટર તથા તેમની ટીમનો શાળા પરિવારે આભાર માન્યો હતો.

**ગો.જો. શારદા મંદિર (માધ્યમિક વિભાગ) રાષ્ટ્રિય કક્ષાએ સિદ્ધિઃ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદા મંદિર ખાતે શૈક્ષણિક તથા સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ સમાન ધોરણે ચાલે છે. સહશૈક્ષણિક પ્રવૃત્તિ બાળકના વિકાસનો અરીસો છે. શાળામાં આયોજિત વિવિધ સ્પર્ધાઓ પૈકી ગત પાંચ વર્ષોથી ‘ટાટા બિલ્ડિંગ શાળા નિબંધ સ્પર્ધા’નું આયોજન કરવામાં આવે છે.

‘ટાટા બિલ્ડિંગ ઇંડિયા’ રાષ્ટ્રીય કક્ષાએ યુવા પેઢીને દેશના વિકાસાર્થે શું કરી શકે? એ દિશામાં પ્રેરણા આપી પ્રોત્સાહન પૂરું પાડવાના ભાગ રૂપે આ પ્રકારની નિબંધ સ્પર્ધાનું આયોજન ૨૦૦૬ થી શરુ કરેલ છે. જે અંતર્ગત ‘ટાટા બિલ્ડિંગ સંસ્થા’ દ્વારા જ સમાજ, દેશના વિકાસ કે સમસ્યાઓને નિબંધના વિષય તરીકે પસંદ કરવામાં આવે છે.

દર વર્ષે શાળા કક્ષાએ ‘ટાટા બિલ્ડિંગ ઇંડિયા’ દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધાનું આયોજન યુગ્મા શર્માના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે. જેના પરિણામ સ્વરુપે છેલ્લા પાંચ વર્ષોમાં શાળાની વિદ્યાર્થિનીઓ નેશનલ લેવલે ટાટા બિલ્ડીંગ નિબંધ સ્પર્ધા’માં પસંદગી પામી તથા રાષ્ટ્રપતિ ભવન, દિલ્લી મુકામે આયોજિત સન્માન સમારોહમાં સહભાગી થઇ શાળાનું નામ રોશન કરેલ છે.

વર્ષ ૨૦૧૪-૧૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘સ્વચ્છ ભારત મિશન’ આહ્‌વાનને આવરી લેતા ‘ટાટા બિલ્ડિંગ ઇન્ડિયા’ દ્વારા નિબંધની થીમ હતી તમારુ ઘર શહેર’ દેશને કઇ રીતે સ્વચ્છ અને લીલું છમ બનાવશો? વિષય પર શાળાની ૪૫ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં ગો.જો. શારદા મંદિરની વિદ્યાર્થિની અંજલી એ. પરમારના નિબંધને ‘નેશનલ લેવલે પ્રથમ રનર્સઅપ’ તરીકે પસંદગી પામી તા. ૮-૧૨-૨૦૧૬ના રોજ રાષ્ટ્રપતિ ભવન, દિલ્લી મુકામે આયોજિત સન્માન સમારોહમાં ભાગ લઇ લેપટોપ, ટ્રોફી તથા સર્ટીફિકેટ પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કરવા બદલ શાળાના આચાર્યા રીટાબેન પટેલ તથા સ્ટાફ પરિવાર તરફથી શુભેચ્છાસહ અભિનંદન પાઠવ્યાં હતાં.

**એમ.યુ. પટેલ (ટેક્.) હાઇસ્કૂલમાં ગ્રાહક સુરક્ષા દિન અને નાતાલ પર્વની ઉજવણી.**

ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર સંચાલિત એમ.યુ. પટેલ (ટેક્.) હાઇસ્કૂલ ખાતે ગ્રાહક સુરક્ષા દિન તથા નાતાલ પર્વ સંબંધિત કાર્યક્રમ યોજવામાં

આવ્યો હતો.

આ પ્રસંગે પુરવઠા શાખા, આણંદના નાયબ મામલતદાર શ્રી પી.એમ. પટેલ, તોલમાપ અધિકારી શ્રી કમલેશભાઇ, શ્રી કે.એમ. અધ્વર્યું, શ્રીમાન પઠાણ, આચાર્યશ્રી એ.એમ. વણકર, શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના શિક્ષકશ્રી રમણભાઇ ડોડીયાએ નાતાલપર્વ સંબંધિત વિસ્તૃત માહિતી આપી હતી. શ્રીમતી ઇન્દુબેન પરમારે ગ્રાહકના હક્કો અંગે વિશદ્ માહિતી આપી હતી. શ્રી કે.એમ. અધ્વર્યું, શ્રી એસ.સી. કપાસિયા તેમજ શ્રી.પી.એમ. પટેલે પ્રાસંગિક ઉદ્બોધનમાં ગ્રાહકોએ રાખવાની કાળજી અને ગ્રાહક તરીકે છેતરાયા હોય ત્યારે કેવી રીતે ફરિયાદ કરવી તેની વિશદ છણાવટ કરી હતી, શાળાના વિદ્યાર્થીઓએ ગ્રાહક સમસ્યાનિવારણ સંબંધિત નાટક પ્રસ્તુત કર્યું હતું.

નાટક ભજવેલ તમામ વિદ્યાર્થીઓને મહેમાનોના વરદ્હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્યશ્રી એ.એમ. વણકરે આ કાર્યક્રમ માટે સૌ વિદ્યાર્થીઓ તથા શિક્ષકશ્રીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સંચાલન અને આભારવિધિ શ્રી ગુણવંતભાઇ એ. વાળંદે કર્યું હતું.

**આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલના ધો. ૫ થી ૮ના વિદ્યાર્થીઓનું ગૌરવ**

ચારુતર વિદ્યામંડળ વલ્લભ વિદ્યાનગર દ્વારા સંચાલિત આઇ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલના પ્રાથમિક વિભાગના ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓએ 'હરિહર ભક્તિગીત સ્પર્ધા'માં વિભાગ-બના બાળ કિશોર હરિહર ભક્તિ સંગીત શિરમોર સ્પર્ધાની જૂથ સ્પર્ધામાં દ્વિતીય અને વ્યક્તિગત સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

જૂથ સ્પર્ધામાં શાળાની વેનીષા સોલંકી, ધ્રુવ ઝરણા, મીદીયા રેહાના, બંસરી ઠક્કર, હની પટેલ, જાન્વી ગોહિલ, વન્શીકા જાની, કાવ્યા પટેલ, માહી પોરોહીત, પ્રેક્ષા મથ્થાલ, જીયા વાની અને જાન્વી જોષીએ ભાગ લઇ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે વ્યક્તિગત સ્પર્ધામાં કિર્તન બ્રહ્મભટ્ટે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તથા પારેખ દીપાએ વ્યક્તિગત સ્પર્ધામાં ભાગ લીધો હતો.

સીવીએમના પ્રાથમિક વિભાગના સલાહકાર વિનોદિનીબેન ભૂપેન્દ્રભાઇ પટેલ, શાળાના આચાર્ય બિન્દુબેન સેન્થીલનાથ તથા શાળા પરિવારના સભ્યોએ વિજેતા તથા ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. યોગેશભાઇ પટેલ, સત્યભાઇ ચાવડા, પારૂલ મેકવાન, પરવીન મેકવાન વગેરેએ વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

**એમ.યુ. પટેલ ટેક્નિકલ હાઇસ્કૂલમાં ચાઇલ્ડ લાઇન સંભાળ અને સુરક્ષા કાર્યક્રમ યોજાયો**

શાળાના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ. પટેલ હાઇસ્કૂલમાં 'ચાઇલ્ડ લાઇન સંભાળ અને સુરક્ષા' કાર્યક્રમ યોજાયો. મહિલા તથા બાળ વિકાસ મંત્રાલય, રાજ્ય સરકાર, દ્વારા આયોજિત કાર્યક્રમમાં એન.જી.ઓ. અરૂણાબેન પંડ્યા અને તેમના સાથીઓ દ્વારા વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી તથા વિદ્યાર્થીઓને સી.ડી. પ્રદર્શન કરાવી. જેથી બાળકોને ચાઇલ્ડ લાઇનની સંભાળ અને સુરક્ષા વિષે સચોટ ખ્યાલ આવ્યો. શાળાના શિક્ષકો શ્રી ડાહ્યાભાઇ ચૌધરી અને શ્રી દિલીપભાઇ પટેલે હાજર રહી સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું. શ્રી શંકરભાઇ પારગીએ સૌ એન.જી.ઓની ટીમને આવકારી સૌનો આભાર માન્યો હતો.

**વી. એન્ડ સી. પટેલ ઇંગ્લિશ સ્કૂલનું ગૌરવ**

ગુજરાત રાજ્ય સરકારના રમત-ગમત યુવા સેવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ વિભાગ-જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા રમત-ગમત પરિષદ, આણંદ દ્વારા આયોજિત ખેલ-મહાકુંભ ૨૦૧૬ રમતોત્સવમાં સીવીએમ સંચાલિત વી એન્ડ સી પટેલ ઇંગ્લિશ સ્કૂલના વિદ્યાર્થીઓએ એથલેટીક્સ-ચેસ- બેડમિન્ટન, ટેબલટેનિસ, લોન-ટેનિસ,સ્વિમીંગ સ્કેટિંગ કરાટે વગેરે રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિજેતા નિવડેલ છે. સદર રમતોમાં વિજેતા નિવડેલ બાળકોને રોકડ પુરસ્કાર રુ. ૧,૮૫,૦૦૦ પ્રાપ્ત થનાર છે. આ ઉપરાંત ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પુરસ્કૃત યોજના અન્વયે અમારી શાળાનો આણંદ જિલ્લા કક્ષાએ દ્વિતીય વિજેતા થતાં ગુજરાત રાજ્ય કક્ષાના તા. ૨૬-૧૨-૨૦૧૬ના રોજ વડોદરા ખાતે યોજાયેલ સન્માન સમારંભમાં શ્રી રાજેન્દ્ર ત્રિવેદી મંત્રીશ્રી, રમત-ગમત યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ શ્રી સંદિપ પ્રધાન-ડાયરેક્ટર જનરલ સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાતના વરદ્ હસ્તે રુ. ૧,૦૦,૦૦૦નો ચેક શાળાના વ્યાયામ શિક્ષકશ્રી હિતેશભાઇ એન. પટેલ તથા વિજેતા વિદ્યાર્થીઓને આપવામાં આવેલ છે.




ખેલમહાકુંભ-૨૦૧૬- ૧૭માં સીવીએમ સંચાલિત એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને સરકાર તરફથી મળેલ પ્રશસ્તિપત્ર અને ૧,૫૦,૦૦૦ના ઈનામ મેળવવા બદલ સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલ અને માનદમંત્રી ડૉ.એસ.જી. પટેલ દ્વારા આશીર્વાદ આપી શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી.



સીવીએમ સંચાલિત સૅમકોમ કોલેજ ખાતે યોજાયેલ વાલીઓની કાર્યશાળા પ્રસંગે અતિથિ વિશેષ તરીકે પધારેલા રામકૃષ્ણ મિશન વડોદરા સેન્ટરના હેડ સ્વામી નિખિલેશ્વરાનંદજીને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરતા સંસ્થાના કાર્યકારી આચાર્યા ડૉ.વહીદા થોમસ દ્દશ્યમાન થાય છે.

V-Vidyanagar 19 (2) February 2017 Postal Regd. No. AND/318/2015-17
Published on Wednesday, 25.01.2017 No. of Pages 36 Including Cover RNI Regd. No. Guj/2009-11/5433
ISSN 0976 – 9609 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month




Editor: Dr. Urvish Chhaya Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)